


સમસ્ત પાટીદારની એકતાનું ધામ


# સરદારધામ

વર્ષ-૬ • અંક-૧૦ • ૧ મે , ૨૦૨૧

એક વિચાર



## ગુજરાત સ્થાપના દિને
## હા...હું ગુજરાત છું...




કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના :૧૯૭૦
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક
સહકારથી સિદ્ધિ
MSME ધિરાણ
₹ ૧ કરોડથી વધુ ધિરાણ માટે (રેટીંગ આધારીત)
8.00*%
ઉચ્ચ અભ્યાસ અર્થે
શૈક્ષણિક લોન
7.50*%
સ્થાવર મિલ્કત સામે ધિરાણ
₹ ૧ કરોડથી વધુ ધિરાણ માટે (રેટીંગ આધારીત)
8.35*%
ડૉક્ટર મિત્ર યોજના
ધિરાણની મહત્તમ રકમ: રૂા.૧૫ કરોડ સુધી
8.00*%
વેપાર મિત્ર યોજના
ધિરાણની મહત્તમ રકમ: રૂા. ૧ કરોડ
8.75*%
ગવર્મેન્ટ સીક્યુરીટી સામે ધિરાણ
Loan Against LIC Policy, KVP,NSC.
8.00*%
હોમ લોન
7.00*%
For Home Loan Subsidy under PMAY available
'0' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી
કાર લોન
7.50*%
Network
59 Branches
62 ATMs
1800 233 99999 (TOLL FREE )
www.kalupurbank.com
design copper
* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન
હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬ • E-mail : info@kalupurbank.com

મિશન-૨૦૨૬ અંતર્ગત

## સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

### બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ માટે પરવડે તેવાં સુવિધાયુક્ત છાત્રાલયનું નિર્માણ કરવું)

### GPSC / UPSC / Defence સિવિલ સર્વિસ સેન્ટર

### ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

### ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

### યુવા તેજ / તેજસ્વિની સંગઠન

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ

તંત્રી
**ગગજી સુતરિયા**

પરામર્શક સમિતિ
**એચ. એસ. પટેલ** (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

**ટી.જી. ઝાલાવાડિયા**
ઉપપ્રમુખ, સરદારધામ

સહતંત્રી
**ડૉ. જાગૃતિ જે. પટેલ**
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

સંપાદક
**કૃષ્ણકાંત જે. પટેલ**

જાહેર ખબર વિભાગ :
7575001428

**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ

મુખ્ય કાર્યાલય
**સરદારધામ**
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧

ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ–મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**

# તંત્રીલેખ

**મારા વ્હાલા બંધુ-ભગિનીઓ,**

સાંપ્રત સમયમાં જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તે પરિવારો પ્રત્યે સરદારધામ સંવેદના વ્યક્ત કરે છે. અત્યારના સમયે આપણે સૌએ એકબીજાને હિંમત આપીને સહકારપૂર્વક જીવવાનું છે. જિંદગીના યુધ્ધમાં ક્યારેક આપણે પોતે જ આપણા સારથિ બનવું પડે છે તે માટે સૌએ અંદરથી જ મજબૂત બનવું પડશે. જિંદગી એક સંઘર્ષ છે આપણે જાતે જ તેની સાથે લડવું પડશે. આપણા દુશ્મનો આપણા રાષ્ટ્ર ઉપર હુમલો કરે ત્યારે જેવી રીતે આપણે સૌ એક નેક થઈને રાષ્ટ્રને વિજયી બનાવીએ તે રીતે આજના આ સમયમાં પણ આપણે સૌએ સાથે મળીને આ કોરોનાને હરાવવું પડશે. દેશના અલગ-અલગ તંત્રો, સંસ્થાઓ, સંગઠનો, રાષ્ટ્રપ્રેમી સ્વયંસેવકો, દાતાઓ સાથે મળીને જે રીતે રાષ્ટ્રની સેવા કરે છે, તેમની સાથે આપણે સૌએ સહકારથી હળીમળીને એકજૂટ થઈને, કામ કરીને, કોરોનાને હરાવવાનો છે.

શિક્ષણ થકી સર્વાંગી વિકાસ કરી શકાય છે. સાંપ્રત સમયમાં કોઈપણ ક્ષેત્રે આગળ વધવા કે ટોચ ઉપર પહોંચવા શિક્ષણ અનિવાર્ય છે. દુનિયામાં રહેલી વિપુલ તકોને ઝડપવા માટે શિક્ષણ જરૂરી છે. શિક્ષણ થકી જ્ઞાન અને વિજ્ઞાનના સમન્વયથી આપણો દેશ મહાન બની શકે છે. આ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને મહાનગરોમાં જવું પડે છે. આવા ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા માટે સામાજિક સંસ્થાઓએ તેમને પરવડે તેવા આધુનિક છાત્રાલયો બનાવીને જરૂરી સગવડો પૂરી પાડવી જોઈએ. આ પ્રકારના છાત્રાલયોમાં તેમના સર્વાંગી વિકાસ માટે તેમજ રોજગાર માટે તમામ પ્રકારની તાલીમ અને માર્ગદર્શનની સુવિધાઓ પૂરી પાડવાનો સમય હાલ આવી ગયો છે. આ પ્રકારની સુવિધાઓ સાથે અમદાવાદ સ્થિત સરદારધામ તથા કેળવણીધામ કાર્યરત છે. સરદારધામ આ પ્રકારની ઈન્સ્ટીટ્યુટ ગુજરાતના અલગ-અલગ ૪ ઝોનમાં બનાવવા માટે સંકલ્પબધ્ધ અને કટિબધ્ધ છે. આપણે સૌએ સાથે મળીને સમાજના સર્વાંગી વિકાસ માટે યુવા શક્તિમાં ૧૦ વર્ષ રોકાણ કરવું પડશે.

જય સરદાર... જય હિંદ...

આપનો કલ્યાણ મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


- ગુજરાત સ્થાપના દિને હા... હું ગુજરાત છું... — ટીમ સરદારધામ — ૬
- વીરાંગના કામિનીબેનનો સન્માન કાર્યક્રમ વીરતા પરમો ધર્મઃ — ટીમ સરદારધામ — ૯
- કાંટાળો તાજ — રાજમોહન ગાંધી — ૧૧
- આવાસપ્રશ્ન — સ્વામી સચ્ચિદાનંદ — ૧૬
- બેકારીનો સવાલ — ગાંધીજી — ૨૧
- લોકોપયોગી માર્ગદર્શન — એચ. એસ. પટેલ — ૨૫
- આપણી જ સાથે ભગવાન અન્યાય કેમ કરે છે? — શૈલેષભાઈ સગપરિયા — ૨૭
- ઉનાળો કોણે મોકલ્યો રે...! — જય વસાવડા — ૩૧
- અહીં બુલબુલનું અભિવાદન છે — પદ્મશ્રી ગુણવંત શાહ — ૩૬
- આકાશ આંબવાની આશ — વૃંદા મનજીત — ૪૦
- બે દ્રષ્ટિબિંદુ પાશ્ચાત્ય અને પૌર્વાત્ય — સ્વામી વિવેકાનંદ — ૪૬


## ટીમ સરદારધામ


**ઉપપ્રમુખ**
નટુભાઈ એમ. પટેલ
દિલીપભાઈ એમ. પટેલ - ઉત્તર ગુજરાત
(માનદ્ મંત્રી-ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા)
પારૂલભાઈ એલ. પટેલ - મધ્ય ગુજરાત
CA વિષ્ણુભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
જશવંતભાઈ એ. પટેલ
કાંતિભાઈ એલ. ગઢિયા
કાનજીભાઈ કે. પટણી - મુંબઈ ઝોન
દિયાળભાઈ કે. વાઘાણી - દક્ષિણ ગુજરાત
પરેશભાઈ એમ. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન
ટી. જી. ઝાલાવાડિયા (DY.MC-Retd.)
પ્રો. ડો. જાગૃતિબેન જે. પટેલ - કન્વીનર,
દીકરી સ્વાવલંબન યોજના

**મંત્રી**
CA બી. કે. પટેલ માનદ્ મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - નાણામંત્રી
રમેશભાઈ એ. પટેલ - મધ્ય ગુજરાત
સંજયભાઈ કે. સવાલિયા - બાંધકામ
ભરતભાઈ એચ. રાદડિયા - સમાજ સુરક્ષા
કાંતિભાઈ એમ. ભાવાણી - મુંબઈ ઝોન
મંગળદાસભાઈ જે. પટેલ - ઉત્તર ગુજરાત
મહેન્દ્રભાઈ એલ. પટેલ - સામાજિક સંકલન
મહેન્દ્રભાઈ કે. ફળદુ - સૌરાષ્ટ્ર ઝોન
હર્ષદભાઈ જે. પટેલ - સંગઠન મંત્રી

**સહનાણામંત્રી - GPBO - યુથ કન્વીનર**
ભાવિનભાઈ આર. પટેલ

**ઔદ્યોગિક સંકલન મંત્રી**
કે. આઈ. પટેલ
વિપુલભાઈ વી. ગજેરા (ભરૂચ-અંકલેશ્વર)
કિશોરભાઈ વી. વિરમગામા
અબજીભાઈ કે. ધોળુ
ઘનશ્યામભાઈ સી. બોરડ - મધ્ય ગુજરાત
કાંતિભાઈ વી. ભુવા
(નડિયાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર)
જશવંતભાઈ એસ. પટેલ

**માર્ગદર્શક**
રામજીભાઈ એસ. ઈટાળિયા - દક્ષિણ ગુજરાત
કાંતિભાઈ વી. ઉકાણી
કાંતિભાઈ એન. પટેલ (રામ)
ડો. દશરથભાઈ વી. પટેલ ઉત્તર ગુજરાત
નારાયણભાઈ વી. પટેલ - મધ્ય ગુજરાત
છગનભાઈ એચ. આરદેશણા - મધ્ય ગુજરાત
નાથાભાઈ એમ. કાલરિયા - સૌરાષ્ટ્ર ઝોન
મહેન્દ્રભાઈ વી. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના IAS (Retd.)

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ IAS (Retd.)

**એડવાઈઝર - સમાજ સુરક્ષા**
ડી. જે. પટેલ IPS (Retd.)

**ડાયરેક્ટર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર-મધ્ય ગુજરાત**
વી. એમ. સોનાવણે IAS (Retd.)

**માનદ્ સલાહકાર - સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્ર - રાજકોટ**
જે. કે. પટેલ
શૈલેષભાઈ સગપરિયા

**સંયોજક**
મનોજભાઈ ટી. ડોબરિયા

**પ્રોજેક્ટ ચેરમેન**
એમ. બી. ભાલાળા

**પ્રોજેક્ટ ઈન્ચાર્જ**
રામભાઈ એમ. શેલડિયા


**પ્રમુખ સેવક**
ગગજી જી. સુતરિયા

**ટીમ સરદારધામ**

# ગુજરાત સ્થાપના દિને હા...હું ગુજરાત છું...

**“ કૃષ્ણની દ્વારિકાને સાચવીને બેઠેલું જળ છું...**
**હું નરસિંહના પ્રભાતિયાની પરિતૃપ્ત પ્રભાત છું...**
**વેપાર છું, વિસ્તાર છું, વિખ્યાત છું...**
**હા હું ગુજરાત છું....**

૧ મે ૧૯૬૦ ના શુભ પ્રભાતે દ્વિભાષી બૃહદ મુંબઈ રાજ્યમાંથી મહાગુજરાતની ચળવળ થકી ગુજરાતી પ્રજાની આશા અને આકાંક્ષા પૂરી કરતું ગુજરાતી ભાષા બોલતી પ્રજા માટે પૂજ્ય રવિશંકર મહારાજના વરદ્હસ્તે એમના આશીર્વાદ સાથે ગુજરાતના સ્વતંત્ર રાજ્યનો શુભારંભ થયો હતો અને ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્ય પ્રધાન અને મંત્રી મંડળનો સોગંધવિધિનો સમારોહ યોજાયેલ. આજે જયારે આપણે આપણા ગુજરાતનો ૬૨ મો સ્થાપના દિવસ ઊજવી રહ્યા છીએ ત્યારે આ વીતેલા ૬૧ વર્ષમાં ચડાવ-ઉતાર સાથે અનેક મુશ્કેલ પરિસ્થિતિઓનો હિંમતથી સામનો કરીને આપણા ગુજરાતે આજે દેશ વિદેશમાં એક અગ્રેસર વિકાસગામી, પ્રગતિશીલ અને આધુનિક રાજ્ય તરીકેની ઓળખ પ્રાપ્ત કરી છે.



ગુજરાતની આ ૬૧ વર્ષની વિકાસયાત્રાને એક ગુજરાતી તરીકે પ્રમાણિકતાથી આત્મમંથન કરીએ તો આ પ્રગતિ માર્ગ પર આપણે ક્યાં ઊભા છીએ,આપણે શું મેળવ્યું છે અને હજી શું મેળવવાનું બાકી છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.વીતેલા ૭ દાયકામાં આપણા ગુજરાતે આંખે ઊડીને આંખે વળગે તેવી નોંધપાત્ર સિધ્ધિઓ તુલનાત્મક રીતે હાંસલ કરી છે.એક સમૃદ્ધ ગુજરાત આપણને કુદરતી બક્ષિસ સ્વરૂપે મળ્યું હતું અને તેમાં સોનામાં સુગંધ ભળે તેમ ગુજરાતી પ્રજાએ પોતાની કોઠાસૂઝ અને અથાગ પરિશ્રમથી ગુજરાતને એક નવી ક્ષિતિજ સુધી પહોંચાડ્યું છે તેમાં કોઈ બે મત નથી.

વિકાસનું અનિવાર્ય પાસુ શિક્ષણની તરફ નજર કરીએ તો ગુજરાતમાં ૨૦૧૧ના આંકડા સૂચવે છે કે ગુજરાતી પ્રજાએ ૭૮.૦૩ % સાક્ષરતા દર હાંસલ કરી લીધો છે. જેમાં પુરૂષ અને સ્ત્રીનો અનુક્રમે ૮૫.૭૫% અને ૬૯.૬૮ નો દર છે. જે બીજા રાજ્યોની તુલનાએ ઘણો વધારે છે અને આ વધારો અગામી દિવસોમાં વધુ દેખાય તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી.ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચમાધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો છે. ગુજરાતમાં ૧૩ સરકારી યુનિવર્સિટી અને ૪ કૃષિ યુનિવર્સિટીઓ અને એક આયુર્વેદિક યુનિવર્સિટી આવેલી છે. અમદાવાદમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ(IIMA), મેનેજમેન્ટ ના વિષયમાં દુનિયામાં સૌથી ઉત્તમ સંસ્થાઓ માંથી એક ગણાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી (IIT), સેપ્ટ યુનિવર્સિટી સ્થાપત્ય ક્ષેત્રે સમગ્ર એશિયામાં પ્રખ્યાત છે. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી(SVNIT), ધીરુભાઈ અંબાણી

ઇન્સ્ટિટયૂટ ઑફ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT), પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU),લાલભાઈ દલપતભાઈ ઈજનેરી મહાવિદ્યાલય (LDCE), અને નિરમા યુનિવર્સિટી (NIT), જેવી પ્રખ્યાત સંસ્થાઓ જે ગુજરાતની શૈક્ષણિક પ્રગતિની નિશાની છે. જે આપણા માટે ગર્વની વાત છે. તે જ રીતે રિસર્ચ અને વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઇએ તો ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) અમદાવાદ ટેક્ષટાઇલ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ એસોસિયેશન (ATIRA), વિક્રમ સારાભાઇ રિસર્ચ સેન્ટર વગેરે સંસ્થાઓ આવેલી છે.



પૂ. રવિશંકર મહારાજ

આરોગ્યની દ્રષ્ટિએ જો ગુજરાતમાં નજર કરીએ તો ગુજરાતીઓનું સરેરાશ અપેક્ષિત આયુષ્ય ૬૪.૪ વર્ષનું છે.ગુજરાતની આરોગ્યની સંસ્થાઓ આ દિશામાં સતત પ્રયત્ન કરી રહી છે. ગુજરાતમાં ૨૦૧૧ ની સ્થિતિએ કુલ જન્મદર ૨૧.૦ છે. જ્યારે મૃત્યુદર ૨૭.૫ છે. આ આંકડા રાજ્યના સ્થાપના વર્ષની સરખામણી એ ઘણા ઊંચો છે. જે આપણી આરોગ્યની સુવિધાઓમાં થયેલો વધારો દર્શાવે છે.

આ ઉપરાંત સંક્ષિપ્તમાં વિશેષ વાત કરીએ તો ગુજરાત ભારતમાં ધનિક રાજ્યોમાંનું એક છે. તથા તેની માથાદીઠ સરેરાશ આવક જીડીપી ભારતના સરેરાશ જીડીપી કરતાં વધારે છે. રાજયની મુખ્ય ખેત પેદાશોમાં કપાસ,મગફળી,ખજૂર,શેરડી,રાયડો,ઇસબગુલ અને પેટ્રોલિયમનો સમાવેશ થાય છે. ગુજરાતનું સુરત એ વિશ્વમાં જરી ઉદ્યોગ, ટેક્ષટાઇલ, હીરાના વ્યાપાર તથા કારીગરીનું એક મુખ્ય કેન્દ્ર છે. ગુજરાત અને દેશમાં શ્વેત ક્રાંતિની શરૂઆત ''અમુલ'' મોડેલથી પ્રખ્યાત છે અને હાલ બનાસ ડેરી દૂધના ઉત્પાદનમાં પ્રથમ આવે છે. મીઠાના ઉત્પાદનમાં પણ આપણે આગળ પડતું સ્થાન ધરાવીએ છીએ. કેટો ઇન્સ્ટિટયૂટના આર્થિક રીપોર્ટ અનુસાર ઔદ્યોગિક સ્વાતંત્ર્યની (Ease of doing business) બાબતમાં ભારતીય રાજ્યોમાં તમિલનાડુ પછી ગુજરાત બીજા ક્રમે આવે છે. જામનગરમાં આવેલી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વિશ્વની સૌથી મોટી ખનીજ તેલ શુદ્ધ કરતી રીફાઈનરી આવેલી છે.આ સિવાય વિશ્વનું સૌથી મોટું જહાજચ્છેદન કારખાનું (શીપ બ્રેકિંગ યાર્ડ) ભાવનગરનું અલંગ ગુજરાતની શોભા વધારે છે. આખા દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકાંઠો ગુજરાતનો છે. ભારતનું સૌથી મોટું કંડલા બંદર ગુજરાત પાસે છે.ભારતનું એક માત્ર પ્રવાહી રસાયણ બંદર દહેજમાં છે, ભારતમાં આવેલા ત્રણ પ્રાકૃતિક પ્રવાહી વાયુના ટર્મિનલ પૈકી બે ગુજરાત પાસે છે. ગુજરાત ભારતનું એક માત્ર રાજ્ય છે કે જેમાં રાજ્ય વ્યાપી ૨૨૦૦ ચો.કિ.મી.ની ગેસ ગ્રીડ ફેલાયેલી છે.આપણા રાજ્યના ૮૭.૯% રસ્તા ડામરના પાકા રસ્તા છે. આપણા ૧૮૦૦૦ ગામડાઓ પૈકી ૧૦૦% ગામડાઓને જ્યોતિગ્રામ યોજના



હેઠળ ૨૪ કલાક વિદ્યુત પુરવઠો અપાય છે. દેશની સૌથી મોટી બહુહેતુક સરદાર સરોવર યોજના-નર્મદા નદી ઉપરનો વિશ્વનો સૌથી ઊંચો ડેમ પૈકીનો છે અને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા " સરદાર પટેલ ની" આ ડેમ ઉપર પ્રસ્થાપિત કરેલ છે.


ડો. જીવરાજ મહેતા

આપણા ગુજરાતની ઉપરની તમામ સિધ્ધિઓ ઉડીને આંખે વળગે છે.અને કોઈ પણ ગુજરાતીને ગુજરાતી હોવાનો ગર્વ થાય તેવી ઉપલબ્ધિઓ છે. જે નાનીસૂની વાત નથી .તેમ છતાં હંમેશાં વિકાસ પથ પર પ્રગતિના સારા પાસાઓની સાથે સાથે આપણે અણગમતા પાસાઓનું પણ વિશ્લેષક બનવું પડે જેથી પ્રગતિમાં એક કદમ આગળ વધી શકીએ. તુલનાત્મક અભ્યાસ કરીએ તો ગુજરાતના સ્થાપનાના ૬૦ વર્ષ બાદ આપણા ગુજરાતનો વિકાસ જોઈને પણ સંતોષી થવાની જરૂરિયાત લાગતી નથી. કારણ કે હજી પણ આપણા ગુજરાતીઓનો સાક્ષરતા દર ૭૮.૦૩ છે. જે તમિલનાડુ (૮૦.૩૩) અને કેરલ (૯૩.૯૧) કરતાં ઘણો ઓછો છે. ગુજરાતમાં આરોગ્ય પાછળ કરવામાં આવતો માથાદીઠ ખર્ચ ૨૭૦ રૂપિયા છે. જે અન્ય અલ્પવિકસિત રાજ્યોની તુલનાએ ઘણો ઓછો છે. ગુજરાતમાં સ્ત્રી પુરૂષ પ્રમાણ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે. ગુજરાત જેવા વિકસિત રાજયમાં ૧૬.૬૩%(૨૦૧૭-૧૮) લોકો આજે પણ ગરીબી રેખાથી નીચેનું જીવન જીવી રહ્યા છે જે આપણને શરમાવે તેવી વાત છે. આપણા ગુજરાતમાં આજે પણ બાળ મૃત્યુદર ૪૭.૫૭ અને માતૃત્વ મૃત્યુદર ૨૧.૦૨ છે જે આપણા ગુજરાતીઓનો ઉમંગ ઘટાડે છે. દેશના પ્રમાણમાં ગુજરાતમાં ૫૫%મહિલાઓ અને ૮૦% બાળકો આ વિકસિત ગુજરાતમાં કુપોષણનો શિકાર છે.કૃષિ ક્ષેત્રે તમામ ખેતી લાયક જમીનને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવી નથી. વિશ્વના ટોચના પ્રદૂષિત શહેરોમાં આપણા ગુજરાતના વાપી અને અંકલેશ્વર જેવા શહેરોનો સમાવેશ છે. જે બાબત ચિંતા ઉપજાવે તેવી છે. માનવ વિકાસ આંકમાં

આપણું ગુજરાત ૦.૬૭૨ (૨૦૧૮) આંક સાથે ૨૧મા સ્થાને છે,જે વિકાસની તંદુરસ્તી ઉપર શંકા જન્માવે છે. ગુજરાતનો GDP અન્ય રાજ્યોની તુલનાએ ૧૬.૪૯ લાખ કરોડ(૨૦૧૯-૨૦) સાથે પાંચમા નંબરે છે.આ બધી બાબતો આપણા ગુજરાતના સર્વાંગી વિકાસ માટે નબળા સૂચકાંકો છે.એટલે કહેવું પડે કે જેણે વિકાસ કરવો છે, તેણે હંમેશાં અસંતોષી બનવું જોઈએ અને તેને ધ્યાનમાં રાખી પ્રગતિની આગેકૂચ કરવી જોઇએ.

આ બધાં સારાં/નરસાં પાસાં છતાં આપણા ગુજરાતે જે મેળવ્યું છે તે શિરમોર છે, બીજા માટે સ્વપ્ન સમાન છે. તેથી જ ગર્વ સાથે કહેવાનું મન થાય હા....હું...ગુજરાતી છું, ના ગૌરવ સાથે હા...હું....ગુજરાત છું. જય જય ગરવી ગુજરાત......



# વીરાંગના કામિનીબેનનો સન્માન કાર્યક્રમ એવમ્

## ગુજરાતની ૬ કરોડ જનતાને પૂજય સ્વામી સચ્ચિદાનંદજીનો સંદેશ વીરતા પરમો ધર્મઃ

સરદારધામ સમસ્ત પાટીદાર સમાજના ઉત્થાન અને યુવા શક્તિના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. આ પ્રવૃત્તિના ભાગરૂપે સમાજોપયોગી સ્ત્રી સશક્તિકરણને બળ પૂરી પાડતી પ્રવૃત્તિઓ પણ કરે છે. તા.૨-૫-૨૧ના રોજ પાટણ જિલ્લાના સમીના શ્રી ડાહ્યાભાઈ પટેલનું અકસ્માતે અવસાન થયું. તેમની અંતિમક્રિયામાં આખો પરિવાર પાટણ ખાતે રોકાયેલો હતો. આ દરમ્યાન રાતના સમયે સમી ખાતે તેમના ઘરે ચોર – લુંટારા ત્રાટક્યા. ડાહ્યાભાઈના દીકરી કામિનીબેનને આ સમાચાર મળતા તેઓ એકલા ઘરે પહોંચ્યા. ઘરે જઈ ચોર – લુંટારાને પડકાર્યા. બહાદુરીપૂર્વક જોખમ ખેડી એક ચોરને પકડીને રાત્રે પોલીસને હવાલે કર્યો. એક મહિલા તરીકે કામિનીબેને રાત્રીના આવા સમયે ત્રણથી ચાર જેટલા ચોર - લુંટારા સામે ઝઝૂમીને ચોરને પકડી પોતાનામાં રહેલી હિંમત, શૂરવીરતા અને બહાદુરી દાખવી છે. તેમનામાં રહેલી આવી શૂરવીરતા અન્ય મહિલાઓ માટે એક પ્રેરણારૂપ કિસ્સો છે.

તેમની બહાદુરીને બિરદાવવા તેમજ અન્ય મહિલાઓને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા.આ સન્માન કાર્યક્રમમાં કામિનીબેનની બહાદુરી અને શૂરવીરતાને બિરદાવવા માટે સરદારધામ સંસ્થા તરફથી તેમને સન્માન પ્રેરણા મળે અને પોતે પણ કોઈપણ જાતના ભય અને ડર વગરમુશ્કેલીઓનો સામનો કરી શકે તેવો પ્રેરણાદાયી સંદેશ સમાજને આપવા માટે સરદારધામ અમદાવાદ ખાતે તા.૭-૫-૨૧, શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે આધુનિક વૈચારિક ક્રાંતિના પ્રણેતા પરમ પૂજય સ્વામીશ્રી સચ્ચિદાનંદજીના હસ્તે કામિનીબેનનું સન્માન કરવાનો કાર્યક્રમ સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ રાખવામાં આવ્યો.

શ્રીમતી કામિનીબેન પટેલના સન્માન કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજી તેમજ સરદારધામના પ્રમુખ સેવક ગગજી સુતરિયા, ભવનદાતા શ્રી લવજીભાઈ ડાલિયા (બાદશાહ), ભવનદાતા શ્રી જયંતિભાઈ પટેલ (મેઘમણી પરિવાર) ભવનદાતા શ્રી નટુભાઈ પટેલ(મેઘમણી પરિવાર) માનદમંત્રી CA શ્રી બી. કે. પટેલ, નાણાંમંત્રી શ્રી જગદીશભાઈ ભુવા, માર્ગદર્શક શ્રી કાંતિભાઈ એન. પટેલ (રામ), સીઈઓ શ્રી એચ. એસ. પટેલ, સ્થાપક ટ્રસ્ટી શ્રી બી. કે. પટેલ, શ્રીમતી વસંતબેન જી. સુતરિયા, શ્રીમતી ભારતીબેન એન. પટેલ, સહ નાણાંમંત્રી શ્રી ભાવિન પટેલ,પ્રમુખ ડાયમંડ એસોસીએશન સંચાલિત હોસ્પિટલ, સુરત,શ્રી સી. પી. વાનાણી, સરદારધામ ભવન દાતા શ્રી દિનેશભાઈ નારોલા તેમજ અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા આ સન્માન કાર્યક્રમમાં કામિનીબેનની બહાદુરી અને શૂરવીરતાને બિરદાવવા માટે સરદારધામ સંસ્થા તરફથી તેમને સન્માન પત્ર,ખેસ તેમજ પુરસ્કાર રૂપે રૂ. ૫૧,૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવ્યો.

પોતાના આ સન્માન અંગે પોતાનો પ્રતિભાવ આપતા શ્રીમતી કામિનીબેને જણાવ્યું કે એક મહિલા તરીકે પોતાના કે પોતાની મિલકતના રક્ષણ માટે ઝઝૂમવું પડે, લડવું પડે તો લડી લેવું તે પ્રકારની હિંમત મારા પિતાએ મને નાનપણથી આપેલી છે. પરિણામ સ્વરૂપ હું આ લુંટારા હું આ લુંટારા સામે લડી શકી અને તેને પકડીને પોલીસને હવાલે કર્યો. તેમણે વધુમાં જણાવ્યું કે દરેક પરિવારે પોતાની



દીકરીઓને આ પ્રકારે કોઈપણ પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરવા માટે તાલીમ આપવી પડે. ઉપરાંત સરદારધામે આ પ્રકારનું તાલીમ કેન્દ્ર શરૂ કરવા અંગે તેમણે પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈને જણાવ્યું.




પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ પોતાના સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સૌને આવકારતા જણાવ્યું કે સાંપ્રત સમયમાં સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. તેમણે વધુમાં જણાવ્યું કે શ્રીમતી કામિનીબેન પટેલે મહારાણી લક્ષ્મીબાઈને છાજે તે રીતે ચોર - લુંટારાઓનો સામનો કર્યો તે માટે તેમને અભિનંદન આપ્યા.સમાજની અન્ય બહેન -દીકરીઓએ પણ આ પ્રસંગમાંથી પ્રેરણા લઈને સ્વબળે લડી શકાય તે માટે હિંમત કેળવવી જોઈએ. આ માટે સરદારધામમાં વીરાંગના કામિનીબેન પટેલના નામથી મહિલાના સ્વરક્ષણ માટે તાલીમ કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરી.

હું સાંપ્રત સમયમાં જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમના માટે સરદારધામ ટ્રસ્ટવતી સંવેદના વ્યકત કરૂ છું અને આવી પડેલ દુઃખમાં અમે આપની સાથે જ છીએ. સાથે સાથે આજે આપણા સમાજ તથા દેશનાં હીતમાં સરદારધામ ટ્રસ્ટ વતી બે હાથ જોડી વિનંતી સાથે અપીલ કરું છું કે તમારા પરિવારને ,સમાજને , દેશને તમારી ધણી જરૂર છે માટે...

૧. સરકારની વ્યવસ્થા મુજબ ૧૮ વર્ષથી ઉપરના સૌ કોઈ ભાઈ-બહેનો વેકસીન લે અને લેવા માટે સૌને આગ્રહ કરીએ.

૨.કોવીડ-૧૯ અંતર્ગત ડૉકટર-સરકારની ગાઈડ લાઈનનું પૂરૂં પાલન કરીએ

૩.કસરત,યોગા ,પ્રાણાયમ, આયુર્વેદીક ઉકાળા અને ગરમ - તાજું સાત્વિક પૌષ્ટિક ભોજન લઈએ

૪.નેગેટિવ ન્યુઝ , મેસેજ વાતાવરણથી દુર રહી, નિભર્યતા, આત્મ વિશ્વાસ સાથે પોઝીટીવ વલણ અપનાવીએ.

૫.વ્યસન, દેખાદેખી, રાજકારણની ચર્ચા તેમજ બિનજરૂરી રૂઢિરિવાજો અંધશ્રધ્ધાથી દૂર રહીએ.

ઉપરોકત ૫ મુદ્દાનું પૂરતું પાલન કરી કોરોના રૂપી જંગ જીતીએ અને જીવનની નવી ઈનિંગ ખેલવા તૈયાર રહીએ.

જય સરદાર... જયહિંદ...

સરદારધામના ભવનદાતાશ્રી જયંતિભાઈ એમ. પટેલે (મેઘમણી ગ્રૂપ) પ્રસંગોચિત ઉદ્દબોધનમાં જણાવ્યું કે દરેક પરિવાર અને સંસ્થાએ દીકરીઓને સ્વરક્ષણ માટે તાલીમબધ્ધ કરવી જોઈએ.



સામાજિક વૈચારિક ક્રાંતિના પ્રણેતા પરમ પૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદજીએ કામિનીબેન પટેલના સન્માન બાદ પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું કે તેમણે કામિનીબેનના પિતાશ્રી ડાહ્યાભાઈ પટેલ તેમના આશ્રમ સાથે નિકટતાથી જોડાયેલા હતા તેમજ તેઓ સ્વામીજીના આશ્રમમાં તન, મન, ધનથી સેવા કરતા હતા. પાટીદાર સમાજે ખૂબ મહેનત કરીને પ્રગતિ કરી તેમાં તેમના કર્મઠતા, ઉદારતા, વિશાળતા જેવા ગુણો હોય છે. તે તમામ ગુણો ડાહ્યાભાઈમાં જોવા મળતા હતા. ડાહ્યાભાઈએ પોતાની દીકરી કામિનીબેનને પણ વારસામાં આવા ગુણો સાથે હિંમત પણ આપી હતી. કામિનીબેને ચોર – લુંટારાઓનો સામનો કરવા જે શૂરવીરતા દાખવી તેને સ્વામીજીએ બિરદાવી અને કહ્યું કે વીરતા પરમો ધર્મઃ

કાર્યક્રમના અંતે સરદારધામના માનદમંત્રી CA શ્રી.બી. કે. પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વામીજી, ટ્રસ્ટીશ્રીઓ, અન્ય મહાનુભાવો, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાના કર્મચારીઓ, કામિનીબેનના પરિવારજનો તેમજ ઉપસ્થિત મહેમાનોનો સરદારધામ સંસ્થાવતી હૃદયપૂર્વક આભાર માની કામિનીબેનનો સન્માન કાર્યક્રમ પૂર્ણ થયેલો જાહેર કર્યો.



**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર

# કાંટાળો તાજ

છ મહિના આરામ લીધા પછી શરીર અને મનથી પ્રફુલ્લિત થઈ આવેલા રાજાજીએ કૉંગ્રેસ પ્રમુખ થનાર જવાહરલાલ અને કૉંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડના અધ્યક્ષ વલ્લભભાઈ વચ્ચેના મતભેદોની વાત ગાંધીજી પાસે ઉપાડીઃ

પરિસ્થિતિ અને અંગત ગુણવત્તા અનુસાર જવાહરલાલ કરતાં વધારે સારો કોંગ્રેસ પ્રમુખ આપણે આ વરસે શોધી શક્યા ન હોત , તેવું કબૂલ કરવા છતાં પાર્લમેન્ટરી નીતિ અને કાર્યક્રમમાં જ જવાહરલાલજી ગોઠવાઈ શકે, તે બાબતમાં મને શંકા હતી અને આજે પણ છે.

સંસદીય નીતિ અંગેના વલ્લભભાઈના નિર્ણયને પડકારવામાં ન આવે અને કારોબારી તથા કૉંગ્રેસ પ્રમુખ તેમાં પૂરેપૂરો સહકાર આપે , તેવું કંઈક તમારે કરવું જોઈએ.


સન ૧૯૩૬ના માર્ચ-એપ્રિલમાં લખનૌમાં મળેલા કૉંગ્રેસ અધિવેશનમાં જણાઈ આવ્યું કે જવાહરલાલજી ઝઘડવાને બદલે ગોઠવાઈ જવાના હતા. લાંબી બીમારી ભોગવીને તેમનાં પત્ની કમલા ફેબ્રુઆરીમાં યુરોપમાં



અવસાન પામ્યાં હતાં. હિંદુસ્તાનને જવાહર માટે પ્રેમ હતો તેમાં સહાનુભૂતિનું તત્ત્વ ઉમેરાયું હતું. લખનૌમાં જવાહરલાલે પોતાનાં દિલ અને દિમાગ પર છવાઈ ગયેલા મહત્ત્વના શ્રદ્ધાસ્થાન તરીકે સમાજવાદની પ્રશંસા કરી અને હોદ્દા સ્વીકારવાના ખ્યાલ તરફ પોતાની નફરત પણ દર્શાવી. પણ આ બંને મુદ્દા અંગે કશો વિખવાદ પેદા કરવાની અનિચ્છા પણ તેમણે દર્શાવી. કોંગ્રેસ સમાજવાદી પક્ષમાં જોડાવાનો તેમણે ઈન્કાર કર્યો અને પહેલેથી જ હોદ્દા સ્વીકાર અંગે નનૈયો ભણવો નહીં, તેવા લખનૌ અધિવેશનનો નિર્ણય તેમણે અપનાવી લીધો.


લખનૌમાં સરદાર પટેલ અને જવાહર વચ્ચે "કડવાશભર્યું વાક્યુદ્ધ" ખેલાયું. છતાં સરકાર વાંછતી હતી અને કોંગ્રેસીઓ ડરતા હતા તેટલા પ્રમાણમાં આ બંને વચ્ચે વિખવાદ થયો નહીં. લખનૌ પછી થોડા વખત બાદ જવાહરલાલે કહ્યું તેમ "અમારા વચ્ચે મતભેદના મુદ્દાઓ કરતાં એકમતીના મુદ્દાઓ વધારે છે." આઝાદી સૌથી પહેલાં મેળવવી જોઈએ અને તે માટે ગાંધીજી વગર ચાલે તેમ નથી તે બંને મૂળભૂત મુદ્દાની બાબતમાં જવાહરલાલ અને વલ્લભભાઈ એકમત હતા. નેહરુએ કારોબારીની રચના કરી તેથી તેમાં ગોઠવાઈ જવાની તેમની મનોવૃત્તિ જણાઈ આવી. કૃપાલાણીના કહેવા મુજબ કારોબારીની પસંદગી કરવા અગાઉ વલ્લભભાઈ અને રાજેન્દ્રપ્રસાદ જોડે મસલત કરવાની સલાહ ગાંધીજીએ જવાહરલાલને આપી હતી. નવી કૉંગ્રેસ કારોબારીમાં ત્રણ સમાજવાદીઓ – નરેન્દ્ર દેવ,જયપ્રકાશ અને અચ્યુત પટવર્ધન – ને સ્થાન મળ્યું હતું. સરકારથી વિરુદ્ધ જઈને ભારત આવવાને કારણે કારાવાસ ભોગવતા સુભાષ બોઝનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પણ કારોબારીમાં વલ્લભભાઈ,રાજાજી, રાજેન્દ્રપ્રસાદ જેવા દસ જૂના જોદ્ધાઓનું વર્ચસ્વ હતું. મહાત્માજીએ પણ આવી કારોબારીની વરણી કરી હોત.વળી ત્રણે સમાજવાદીઓનો સમાવેશ જવાહરલાલને કારણે નહીં પણ ગાંધીજીના આગ્રહ અનુસાર કરવામાં આવ્યો હતો.

પોતાનાં પ્રવચનોમાં જવાહરલાલ સતત સમાજવાદનો ઉપદેશ ભારપૂર્વક કરતા હતા.અને કારોબારીની વરણી "પોતાની ઈચ્છાની ઉપરવટ " જઈને તેમણે કરી છે,તેવી નેહરુની ટીકાથી સંઘર્ષ શરૂ થયો. "કૉંગ્રેસે જે વિચારધારા હજુ અપનાવી નથી" તેનો આટલો પ્રચાર કરવા અંગે વલ્લભભાઈએ કૉંગ્રેસ પ્રમુખ પાસે વિરોધ નોંધાવ્યો. કારોબારી અંગે પણ વિરોધ થયો. રાજાજી અને રાજેન્દ્રપ્રસાદ ઉપરાંત અન્ય પાંચ સભાસદો પણ વલ્લભભાઈ જેવો મત ધરાવતા હતા અને છ સભાસદોએ તો રાજેન્દ્રપ્રસાદ મારફતે પોતાનાં રાજીનામાં પણ મોકલી આપ્યાં.




રાજેન્દ્રપ્રસાદ આ જૂથના પ્રવક્તા હતા અને વલ્લભભાઈ તેનું ચાલક બળ હતા. કારોબારી અંગે જવાહરલાલે કરેલી ટીકાથી આપણે સહુ "નામોશીભરી સ્થિતિમાં મુકાયા છીએ અને હું પોતે તો આ સ્થિતિ સાંખી શકું તેમ નથી" તેવું વલ્લભભાઈએ રાજેન્દ્રપ્રસાદને લખ્યું. જવાહરલાલનું વલણ ઘણી વખત ઉદ્વેગકારક હોવા છતાં

નેહરુ જોડેનો મતભેદ શબ્દોથી નહીં પણ કાર્યોથી પ્રગટ કરવાની કળા વલ્લભભાઈ જાણતા હતા. નેહરુ માટે પોતાની માન્યતાઓ "કચડી નાખવાનું" અશક્ય હતું.અને તેમના ઝગડાળુ પ્રશંસકો પણ તેમની ટીકા કરવા લાગ્યા હતા. ઉદાહરણ તરીકે ઉત્તર પ્રદેશના રફી અહમદ કિડવાઈએ આક્ષેપ કર્યો કે "અગાઉની કારોબારી કરતાં જવાહરલાલે પસંદ કરેલી કારોબારી વધારે રૂઢિચુસ્ત છે."



રાજીનામાંઓ અને પ્રસાદના કાગળથી જવાહરલાલે પોતાનું રાજીનામું આપવાની દરખાસ્ત રજૂ કરી. પણ ગાંધીજી વચ્ચે પડ્યા અને બધાં રાજીનામાં તથા રાજીનામું આપવાની દરખાસ્ત પાછાં ખેંચી લેવામાં આવ્યાં. મહાત્માજીએ નેહરુને જણાવ્યું કે આ આખું યે " પ્રકરણ શોકમિશ્રિત પ્રહસન " જેવું જણાય છે. "પોતાની અને પોતાના સાથીઓ વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ મહાસમિતિમાં ઊભો થવા દેવો નહીં " તેવી સલાહ મહાત્માજીએ નેહરુને આપી. "તમારા સાથીઓ અસહિષ્ણુતા માટે દોષિત હોય તો તમારામાં પણ અસહિષ્ણુતા ઘણા મોટા પ્રમાણમાં છે. તમારા લોકો વચ્ચેની પરસ્પર અસહિષ્ણુતાનો હિંદુસ્તાનને ભોગ બનાવશો નહીં." આ કટોકટી પછી દોઢ મહિને વલ્લભભાઈ , નેહરુ તથા અન્ય આગેવાનોએ સર્વસંમતિથી સન ૧૯૩૭ની શરુઆતની ચૂંટણી માટેનો કોંગ્રેસનો ઢંઢેરો ઘડી કાઢ્યો.


આ વખતે અમારું કામ સુંદર રીતે ચાલી રહ્યું છે....આ વખતે કુટુંબમેળા જેવું વાતાવરણ છે.ચૂંટણીનો ઢંઢેરો લગભગ સર્વસંમતિથી ઘડાયો અને મંજૂર કરી લેવામાં આવ્યો ....જવાહરલાલનાં જેટલાં વખાણ કરું તેટલાં ઓછાં છે. તેમની જોડે સહકાર કરવામાં અમને જરા પણ મુશ્કેલી પડી નથી.

**તમને કાંટાળો તાજ પહેરાવવા માટે સરદાર અત્યંત આતુર છે. તમે કબૂલ કરો તો હું રાજી થઈશ. પણ તમારા પર જબરદસ્તી કરવાની મારી ઈચ્છા નથી. આ બોજો ઉપાડવા માટે તમને થોડી પણ ઈચ્છા હોય તો તમારે વિના સંકોચે હા કહેવી જોઈએ અને સરદારની વેદનાનો અંત આણવો જોઈએ.**

માર્ચ મહિનામાં વલ્લભભાઈ ન્યુમોનિયાથી પટકાઈ પડ્યા.નવી દિલ્હીમાં બિરલા હાઉસમાં તેમણે પખવાડિયું ગાળ્યું. લખનૌ પછી બીમારીએ ઊથલો માર્યો . વરસની શરૂઆતમાં વલ્લભભાઈની સેવાનો બદલો વળવા માટે ગાંધીજી મે મહિનામાં પોતાના મિત્રને આરામ કરવા માટે બેંગલોર નજીક નંદી ટેકરીઓમાં લઈ ગયા. જુલાઈ મહિનાની આખરે વલ્લભભાઈએ "બોમ્બે હોસ્પિટલમાં નાકનું ઓપરેશન કરાવ્યું. આ ઓપરેશન બાદ વલ્લભભાઈનો દેખાવ

બદલાઈ ગયો. ઓપરેશન માટે તેમની ઢળતી મૂછ સફાચટ કરી નાખવામાં આવી હતી . ત્યાર પછી વલ્લભભાઈએ મૂછ રાખી નહીં. આનું કારણ પૂછવામાં આવે ત્યારે કહેતા કે " હું સમાજવાદી થઇ ગયો છું." ઘણાખરા સમાજવાદીઓ મૂછ રાખતા નહીં તેનો આ આડકતરો ઉલ્લેખ હતો.

સન ૧૯૩૬ના સપ્ટેમ્બરમાં તેમને જમનાલાલ બજાજ સાથે ઝઘડો થયો. સરદાર ગાંધીજીને મળવા ગયા હતા ત્યારે ઘનશ્યામદાસ બિરલાને વર્ધા બોલાવવાની વલ્લભભાઈની મરજીને કારણે આ ઝઘડો ઊભો થયો. બજાજે આ વાતનો વિરોધ કર્યો , કારણ કે તેમનું ઘર મહેમાનોથી ઊભરાતું હતું. વળી ગાંધીજીની તબિયત સારી ન હોવાથી મુલાકાત વધશે તેટલો બાપુને ત્રાસ થશે, તેવી દલીલ પણ તેમણે કરી. છતાં બિરલાને આમંત્રણ આપતો તાર મહાત્માજીની સહીથી કરવામાં આવ્યો. આ સરદારનું કામ હોવાની શંકાથી ગુસ્સે થયેલા બજાજે બિરલાને તાર કરવામાં મારો હાથ નથી, તેવો વલ્લભભાઈનો નકાર સ્વીકાર્યો નહીં.



તમે મારી વાત માની નહીં. મારી વાતના સમર્થન માટે મહાદેવભાઈ ને તમારી પાસે લાવ્યો, છતાં મારા વિરુદ્ધની તમારી શંકા તમે છોડી નહીં. આવી શંકા રાખવાનું અને સગા ભાઈ જેવા સાથીઓના કહેવા પર ભરોસો ન રાખવાનું તમારું વલણ જોઇને મને દિલગીરી થઇ છે.

તમે તમારું હિત પહેલાં મૂકો છો અને બીજાની મુશ્કેલીઓ તરફ દુર્લક્ષ કરો છો તે વિચાર મારા મનમાં આવ્યો, તે વાત સાચી છે. મને એવું પણ લાગ્યું કે તમારે કરવું હોય તે માટે તમે બાપુનું નામ વાપરો છો. આ બાબતમાં મારી ભૂલ થયેલી અથવા હું દોષી હતો, પણ તે વખતે મારા મનમાં જે આવ્યું તે તેમને જણાવી રહ્યો છું.

છતાં સન ૧૯૩૭ની વસંતઋતુમાં આવનાર પ્રાંતિક ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થાય તે માટે જાન્યુઆરીથી આ બંને આગેવાનોએ સહકારથી કામ કર્યું.

સન ૧૯૩૭ના વરસ માટે કોંગ્રેસ પ્રમુખની પસંદગી કરવાની હતી. મહારાષ્ટ્રના ફૈઝપુર ગામે સન ૧૯૩૬ના ડિસેમ્બરમાં મળનાર કોંગ્રેસ અધિવેશન વખતે તેણે હોદ્દો સંભાળવાનો હતો.પોતે બીજા વરસ માટે ચાલુ રહેવા તૈયાર છે, તેવું જવાહરલાલે બધાને જણાવ્યું. બીજા કોઈની વરણી થાય તોપણ પોતે તેને પૂરેપૂરો સહકાર આપશે, તેવું પણ જવાહરલાલે સાથોસાથ જાહેર કર્યું. પ્રમુખ તરીકે અનિશ્ચિત કાળ માટે ચાલુ રેહવાની જવાહરલાલની દેખાઈ આવતી ઈચ્છાથી વલ્લભભાઈ નારાજ થયા. મહાદેવભાઈને તેમણે લખ્યું કે " શણગારેલા વરરાજા જેટલી મળે તેટલી કન્યા પરણવા તૈયાર છે. " રાજાજી આ હોદ્દો સ્વીકારે તે માટે વલ્લભભાઈએ પ્રયાસ કર્યો. રાજાજી તૈયાર થાય તો જવાહરલાલ ખસી જાય તે નક્કી હતું. વલ્લભભાઈના આગ્રહથી મહાત્માજીએ રાજાજીને લખ્યું :

તમને કાંટાળો તાજ પહેરાવવા માટે સરદાર અત્યંત આતુર છે. તમે કબૂલ કરો તો હું રાજી થઈશ. પણ તમારા પર જબરદસ્તી કરવાની મારી ઈચ્છા નથી. આ બોજો ઉપાડવા માટે તમને થોડી પણ ઈચ્છા હોય તો તમારે વિના સંકોચે હા કહેવી જોઈએ અને સરદારની વેદનાનો અંત આણવો જોઈએ.

પણ ફરી એક વખત રાજાજીએ સરદારને નિરાશ કર્યા. વલ્લભભાઈએ ઉત્તર પ્રદેશના ગોવિંદ વલ્લભ પંતનું નામ સૂચવ્યું. મહાદેવભાઈ પરના પત્રમાં તેમણે લખ્યું :

પંતજી કેમ લાગે છે ? બાપુએ એક વખત તેમનું નામ સૂચવ્યું હતું. તમે આ બાબતમાં તેમની જોડે વાત કરજો. તે (જવાહરલાલ) ચાલુ રેહવાના હોય તો હું છૂટો થઈને ખસી જઈશ. જીવત (કૃપાલાણી) પણ ઘણા નારાજ છે .



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઇટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)

**જાહેરાતના દર**
**(તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)**

બીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૧,૦૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ
GST INCL.

ત્રીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૭૫,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.



મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ
GST INCL.

ચોથું ટાઇટલ (બહારનું)
રૂા. ૬૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે
રૂા.૫૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham



**સ્વામી સચ્ચિદાનંદ**

દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત

# આવાસપ્રશ્ન

સ્વાધીનતા સાથે આપણને વારસમાં મળેલા અનેક લિસ્ટ પ્રશ્નોમાં એક પ્રશ્ન પ્રજા માટે આવાસનો રહ્યો છે. છેલ્લાં ૪૦ વર્ષોમાં આ પ્રશ્નનું સમાધાન તો દૂર રહ્યું. સૌથી વધુ વિકરાળતા તેણે ધારણ કરી છે. ત્રણેક વર્ષ પહેલાં મારે મેક્સિકો દેશના પ્રવાસે જવાનું થયેલું. તેની રાજધાની મેક્સિકો સિટીની વસતી એક કરોડ અને સિત્તેર લાખની હતી.આટલું મોટું શહેર અને આટલી વિશાળ વસ્તી હોવા છતાં અને મેક્સિકો દેશ સામાન્ય કક્ષાનો દેશ હોવા છતાં પણ ત્યાં મેં મુંબઈ-કલકત્તા જેવી ઝૂંપડપટ્ટી જોઈ ન હતી. દૂરદૂર સુધી નાનાં પણ આયોજનપૂર્વકનાં વ્યવસ્થિત મકાનો જોઈને મને નવાઈ લાગેલી .

લંડન - ન્યુયોર્ક - ટોકિયો જેવાં વિશાળ નગરોમાં મકાનોના અભાવનો પ્રશ્ન નથી. પણ વધારાનાં મકાનોનો પ્રશ્ન છે. માત્ર અડધા જ કલાકમાં તમે ભાડેથી કે વેચાતું મકાન પોતાની ક્ષમતા પ્રમાણેનું મેળવી શકો છો. કેટલીય જાહેરખબરો, મકાનો માટેનાં જ સામયિકો તથા દલાલો ચપટી વગાડતાં તમને મકાન આપી શકે છે. પૂરા પૈસા ન હોય તો બહુ સરળતાથી લોન મળી શકે છે. કાર્યાલયોની વિધિઓ એટલી ટૂંકી તથા ઝડપી હોય છે કે કશી જ દોડાદોડી કર્યા વિના ટેલિફોન કરીને પણ કામ થઇ શકે છે.ત્યાંની પ્રજાની જીવનશક્તિ મકાન મેળવવા, કબજો જમાવવા,કબજો છોડાવવા કે વર્ષોસુધી કોર્ટકચેરીઓના ધક્કા ખાવામાં વેડફાઈ જતી નથી. રાજકીય,સામાજિક અને આર્થિક ક્ષેત્રોને બને તેટલાં સરળ અને દબાણ વિનાનાં કરીને જ પ્રજાને સુખ-શાંતિ આપી શકાય આપણે આ ત્રણેય ક્ષેત્રોને ભીષણ દબાણવાળા બનાવી દીધાં છે. એટલે આપણે શાંતિ માટે યજ્ઞો, સપ્તાહો અને યોગશિબિરો કરવાં પડે છે. પેલી પ્રજા આમાંનું કશું જ કર્યા વિના સરળતાથી જીવન જીવી શકે છે.

આવાસના પ્રશ્નો દૂર ઊંડાણમાં ગામડાંઓને પરેશાન નથી કરતાં, પણ નગરો તથા મહાનગરોને હેરાન-પરેશાન કરી રહ્યા છે. વસ્તી રોજી-રોટી માટે નગરો તરફ દોડી રહી છે. કારણ કે ગામડાઓમાં બધા માણસોને રોજી આપવાની ક્ષમતા નથી. જે કાંઈ થોડીક ક્ષમતા છે તે અવિકસિત અને ઉપરથી અવધિવાળી છે. એક નાના ગામમાં રહીને વ્યાપાર કરનારો માણસ રોજી તો કદાચ મેળવી શકે,પણ લક્ષાધિપતિ કે કરોડપતિ ન થઇ શકે, પણ જો તે કોઈ નગર-મહાનગરમાં જઈને વસે તો ત્યાંની વ્યાપકતામાં તે પૈસાદાર થઇ શકે. માત્ર રોજી-રોટી માટે જ નહિ,પણ શિક્ષણ, પૈસો, કળા,સાહિત્ય, કારીગરી, સંગીત તથા સંપર્ક,વગેરે અનેક

તત્ત્વોનાં વિકાસ, કદર અને તકો નગરોમાં મળે છે તે ગામડામાં મળતાં નથી. એટલે નગરો તરફ પ્રજાના ધસારાને રોકી શકાશે નહિ. માત્ર નગરોને વધતાં અટકાવો અને ગામડાંને ભાંગતાં બચાઓ તેવી બૂમો પાડવાથી કશું જ પરિણામ આવ્યું નથી કે આવવાનું નથી. જ્યાં રોજી હશે ત્યાં પ્રજા દોડશે. આ એક અનિવાર્ય પ્રક્રિયા છે તેમ સમજીને તેનું હકારાત્મક આયોજન કરવું જોઈએ. નકારાત્મક દૃષ્ટિથી પ્રશ્નોનું સમાધાન નથી થતું, માત્ર બળાપો જ વ્યક્ત કરી શકાય છે. જોકે ગામડાં તૂટી રહ્યાં છે.તેવું કહેવું પણ બરાબર નથી. આજે પણ મોટા ભાગનાં ગામડાં ભરપૂર છે.ત્યાં પણ મકાનો ઉજ્જડ થયાં નથી હા,ગામડાની મહત્વાકાંક્ષી,રોજી-રોટી કે જીવનવિકાસને સ્થગિત ન કરવાની ઈચ્છાવાળી પ્રજા નગરો તરફ જઈ રહી છે.તેણે જવું જ જોઈએ. જો તે જ્યાં છે ત્યાં જ અટકી જાય તો તેનો પૂરતો વિકાસ ન થઇ શકે. કચ્છના દૂરના ગામડાનો એક સામાન્ય માણસ મુંબઈ કે કલકત્તા જઈને પોતાની ક્ષમતાથી જહાજરાણીનો માલિક, ઉધોગપતિ કે મોટો વેપારી બને છે.જો તે ગામડામાં જ રહી ગયો હોત તો તેનો આવો વિકાસ થઇ શક્યો ન હોત. વ્યક્તિના વિકાસમાં સ્થળનું મહત્ત્વ રહેતું જ હોય છે. પલાંઠી વાળીને એક જ જગ્યાએ બેસી ગયેલી પ્રજા બહુ તો પેટ ભરનારી પ્રજા થઇ શકતી હોય છે, આજે જો ગુજરાત-સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન, વગેરેની પ્રજાઓને મુંબઈ-કલકત્તા, વગેરે નગરોથી તેમનાં ગામોમાં પછી મોકલી દેવામાં આવે તો આખું અર્થતંત્ર જ તૂટી પડે. એટલે નગરો તરફ પ્રજાનો જે ધસારો છે, તેને રોકી શકાશે નહિ, રોકવો પણ ન જોઈએ.

## સંતુલનનો અભાવ

પણ ત્યારે નગરોમાં ઠલવાતી આ પ્રજાને વસાવવી ક્યાંથી? મોટો પ્રશ્ન આવાસનો છે. આ કોઈ ન ઉકેલી શકાય તેવો પ્રશ્ન નથી.પૂર્વે કહ્યું તેમ એક કરોડ ને સિત્તેર લાખની વસ્તીને મેક્સિકો સિટી ઠીકઠીક રીતે વસાવી શકતું હોય તો આપણે મુંબઈમાં માત્ર ૭૦ લાખની વસ્તીને કેમ ન વસાવી શકીએ ? એમ કહેવાય છે કે અત્યારે મુંબઈમાં ૪૫ ટકા લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે. પ્રતિવર્ષ આ ટકાવારી વધી રહી છે. આવનારાં વર્ષોમાં પૂરું મુંબઈ ઝુંપડપટ્ટીનગર થઇ ગયું હશે. જો આમ થશે - જરૂર થશે – તો તેમાં વસ્તીનો વધારો નહિ પણ આપણી અક્ષમતા જ કારણરૂપ ગણાશે. આવાસના પ્રશ્નને આટલો વિકરાળ બનાવવામાં ભાડવાત






માટેનો એકપક્ષીય કાયદો તથા જમીનસંપાદનથી માંડીને મકાનબાંધકામ અને તે પછી તેના ઉપરના ભીષણ કર, વગેરે મુખ્ય કારણો છે.

આપણે મોટા ભાગે છેડા ઉપર જીવનારી પ્રજા છીએ. છેડા ઉપર સંતુલન નથી હોતું. સંતુલન તો મધ્યમાં હોય છે. આપણે મોટા ભાગે એવા કાયદા બનાવીએ છીએ કે તે કાં તો આ છેડાના હિત માટે હોય કે પછી પેલા છેડાના હિત માટે હોય. બંને છેડાઓને પૂરો ન્યાય મળે તેવો સંતુલિત કાયદો બનાવી શકીએ તેવી સંતુલનદૃષ્ટિ હજી આપણે મેળવી શક્યા નથી.ભાડાના જ કાયદાને લો. એક વાર કોઈને તમે મકાન ભાડે આપો પછી તમે તેને ખાલી કરાવી ન શકો. મોંઘવારીની સાથે તમે ભાડું વધારી ન શકો.અરે ભાડવાત ભાડું આપવાનું બંધ કરી દે તોપણ તમે મકાન ખાલી કરાવી ન શકો. જો કોર્ટમાં જાઓ, તો લાંબી પ્રક્રિયા પછી કોર્ટ તમને ચઢેલું ભાડું આપવાનો હુકમ કરે, તે પણ હપ્તાથી ભરવાની ભાડવાતને રાહત આપે. જો ભાડવાત હપ્તા ભરવામાં પણ ચૂક કરે તો ફરી કોર્ટમાં જાઓ, ફરી પાછી એની એ જ પ્રક્રિયા અને અંતે હપ્તા ભરવાની તાકીદ કરીને કર્તવ્ય પૂરું કરાય.

ભાડવાત તમને માસિક ૧૦૦/- રૂપિયા ભાડું આપતો હોય, પણ તે પોતે પાંચસો કે હજારના પેટાભાડૂત રાખીને તમારી જ મિલકત ઉપર આવક ઊભી કરે.જો સ્થળ મહત્ત્વનું હોય તો ભાડવાત શક્ય તેટલી પાઘડી વસૂલ કરે. ભાડવાત જૂના સમયનું નજીવું ભાડું આપતો હોય તોપણ મકાન રીપેર કરવાની જવાબદારી મકાનમાલિકની હોય. જો મકાનમાલિક રિપેર ન કરાવે તો ભાડવાત પોતે મકાનની મરામત કરાવી, ભાડામાંથી રકમ કાપી શકે. નગરપાલિકા સમય-સમય ઉપર મકાનની વેલ્યુ વધારી તેના ઉપર કર નિર્ધારિત કરે તે જો ભાડવાતના માથે ન હોય તો મકાનમાલિકે જ ભરવાના હોય. મુંબઈ જેવા શહેરમાં આજે પણ ઘણાં મકાનો પાંચ કે દશ રૂપિયાના ભાડે ચાલી રહ્યાં છે. વર્ષો-જૂનાં આ મકાનોમાંથી મકાનમાલિકે શું મળે તે વિચારવાનું. જીર્ણશીર્ણ થયાં હોવાથી પ્રતિવર્ષ કેટલાંક મકાન ધરાશાયી થઈ જાય છે અને ઘણાંને દબાવી મારે છે. સુંદર નવાં મકાનોનાં બાજુમાં જ જૂનાં, ગંધાતાં અને ખખડી ગયેલાં મકાનો આપણી અવ્યવસ્થા તથા લાચારીની સાક્ષી આપતાં ઊભાં છે

જો મકાનમાલિક તે જગ્યાએ નવું બહુમાળી મકાન બાંધવા ઈચ્છે તોપણ ભાડવાતો ખાલી ન કરે. નવા બંધાયેલા મકાનમાં તેટલી જ જગ્યાનું મકાન તેમને ભાડે આપવાની બાંયધરી આપો તોપણ કદાચ વધુ કસીને સોદો કરવા ભાડવાત પ્રયત્ન કરે.



એવાં કેટલાંક ઉદાહરણ હું જાણું છું કે નવા બંધાયેલા મકાનમાં ભાડવાતને મફત ફ્લેટ આપવાની શરતે ભાડવાતો થોડા સમય માટે ખસ્યા હોય. આપણી પાસે એવાં પણ ઉદાહરણો છે કે ભાડવાતે પોતાનો બંગલો કે ફ્લેટ વસાવ્યો હોય તોપણ જૂના ભાડાના મકાનનો કબજો છોડતા ન હોય. પોતાના નવા મકાનના વધુ પૈસા કમાવા કોઈને ભાડે આપ્યું હોય. અથવા નવા મકાનમાં તો તે રહેવા ગયો હોય, પણ જૂનું ભાડાનું મકાન પોતાના કબજામાં જ રાખતો હોય. ઘણી વાર વિદેશ ગયેલો મકાનમાલિક કાયમ માટે સ્વદેશ પાછો ફરે અને પોતાના મકાનની તાતી આવશ્યકતા હોય તો પણ ભાડવાત પાસે મકાન ખાલી કરાવી શકાય નહિ.પૂર્વે કહ્યું તેમ, ભાડવાત પોતાના નવા મકાનમાં રહેતો હોય તોપણ કબજો છોડાવી શકાય નહિ. મકાનમાલિકની લાચારી એટલી બધી કે કબજો પાછો મેળવવા કાં તો તે ખાલી કોર્ટમાં જાય, જ્યાં વર્ષો સુધી મુદતો ભર્યા પછી પણ પૂરો ન્યાય મળશે તેની ખાતરી નથી. કોર્ટમાં કેસ જીત્યા પછી માથાભારે અને વગવાળો ભાડવાત વર્ષો સુધી મકાન ખાલી ન કરે, કોઈ ને કોઈ પ્રકારના સ્ટે ઓર્ડરને નિમિત્ત બનાવી શકે.

**જ્યાં રોજી હશે ત્યાં પ્રજા દોડશે. આ એક અનિવાર્ય પ્રક્રિયા છે તેમ સમજીને તેનું હકારાત્મક આયોજન કરવું જોઈએ. નકારાત્મક દૃષ્ટિથી પ્રશ્નોનું સમાધાન નથી થતું, માત્ર બળાપો જ વ્યક્ત કરી શકાય છે. જોકે ગામડાં તૂટી રહ્યાં છે. તેવું કહેવું પણ બરાબર નથી.**

આપણે એવી સ્થિતિએ પહોચ્યાં છીએં કે કોર્ટ અને તેમાં પણ દીવાની કોર્ટમાં જઈને ઝડપથી કોઈ ઉચિત નિર્ણય મેળવી શકાય તેવું રહયું નથી.પ્રજા જયારે વહીવટક્ષેત્રથી નિરાશ થાય ત્યારે અડધી ભાંગી પડે, પણ જો તે ન્યાયના ક્ષેત્રથી પણ નિરાશ થાય તો પૂરી ભાંગી પડે. ભૂતકાળમાં સૌરાષ્ટ્રમાં વધુ પડતા બહારવટિયા થવાનું મુખ્ય કારણ ન્યાય પ્રત્યેની નિરાશામાં રહેલું છે. તેજસ્વી પ્રજા સતત અન્યાયને પડકાર ફેંકે અને નમાલી પ્રજા મૂંગા મોઢે બધું સહી લે. કોઈ પણ દેશ માટે ન્યાય પ્રત્યેનો અવિશ્વાસ સૌથી વધુ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ ઉત્પન્ન કરનારો બની જતો હોય છે. ન્યાયના ક્ષેત્રથી નિરાશ થયેલી પ્રજા પોતાની શક્તિ પ્રમાણે

બે ટૂંકા રસ્તા અપનાવતી હોય છે : (૧) ભાડવાતને પૈસા આપીને મકાન ખાલી કરાવવું. (૨) ગુંડાઓને રોકીને ધાકધમકીથી મકાન ખાલી કરાવવું. સારા માણસો પોતાની લાચારીને સમજીને ભાડવાતને સારી રકમ આપીને મકાન ખાલી કરાવવા પ્રયત્ન કરતા હોય છે. ભાડવાતો પણ કસીને સોદો કરી પડાવાય તેટલું પડાવતાં આંચકો નથી અનુભવતા. અહીં ધર્મ કે નીતિની કોઈને પડી નથી હોતી ઘણી વાર તો વધુપડતા ધાર્મિકો અને મંદિરો તથા કથાવાર્તામાં આગળપડતો ભાગ લેનારાઓ બરાબર કસીને સોદો કરતાં હોય છે, પણ જો ભરપૂર પૈસા આપવા છતાં પણ જો ભાડવાત મકાન ખાલી ન કરે તો છેવટમાં ગુંડાઓની સેવા પણ લેવાય છે.

પ્રત્યેક મોટા નગરમાં પોલીસની સમાંતર ગુંડાઓની પણ ઓછીવત્તી સત્તા કામ કરતી હોય છે. તો ઘણી વાર આ બંને સત્તાઓ વચ્ચે ઘર્ષણ થતું હોય છે, તો ઘણી વાર પ્રણયમૈત્રી પણ થતી હોય છે. જે કામ વર્ષોના ધક્કા તથા પૈસાનું પાણી કર્યા પછી કોર્ટ નથી કરી શકતી તે કામ આ લોકો ચપટી વગાડતાં કરી શકે છે. બસ, અહીંથી અરાજક્તા, અવ્યવસ્થા અને ભયભીતતા શરૂ થાય છે.પણ પ્રત્યેક ગુંડાટોળીનું વ્યક્તિત્વ સરખું નથી હોતું કેટલાંક સામાપક્ષ પાસેથી પણ પૈસા વસૂલ કરીને વાતને જ્યાંની ત્યાં સ્થગિત રાખી દે છે. વાત પતી ન જાય તો બંને પક્ષો પાસેથી અવારનવાર આવક થતી રહે છે.ગુંડાઓ સાથે એક વાર સંબંધ બાંધ્યા પછી શત્રુતા કરવાનું કોઈને પણ પોસાય નહિ. એટલે કામ નહિ થાય તેવી ખાતરી થઇ ગયા પછી પણ ઘણા લોકો આ ચક્કરમાંથી છુટતા નથી. આવું બધું અનિષ્ટ કેમ કરવું પડે છે ? કારણ કે પોતાનું મકાન પાછું જોઈએ છે. કાયદાથી તે શક્ય નથી એટલે બીજા શક્ય તે રસ્તે પ્રજા વળી જાય છે. મકાનભાડા સંબંધી બનાવાયેલો કાયદો લગભગ એકપક્ષીય થઇ ગયો છે.



-ગાંધીજી


# બેકારીનો સવાલ

એક પણ સશક્ત પુરુષ અથવા સ્ત્રી કામ અગર ખાધા વગર રહે ત્યાં સુધી આરામ કરવાની અથવા પેટ ભરીને જમવાની આપણને શરમ આવવી જોઇએ.

પોતાની મરજીથી નહીં પણ સંજોગોને વશ થઇને દિવસના સરેરાશ માંડ પાંચ કલાક કામ કરતી પ્રજાની કલ્પના કરો એટલે તમારી આગળ ભારતનું ચિત્ર ખડું થશે.

વાચકે સાચા ચિત્રની કલ્પના કરવી હોય તો તેણે શહેરની ધાંધલ અથવા કારખાનામાં કામ કરતા મજૂરોનો પીસી નાખનારો થાક અથવા ખેતરો પર કામ કરતા મજૂરોની ગુલામી વગેરે મનમાંથી કાઢી નાખવાં જોઇએ. એ તો હિંદનાં માનવસમુદ્રમાં બિંદુ સમાન છે. તેણે હિંદનાં હાડપિંજરોની કલ્પના કરવી હોય તો તેની એંસી ટકા વસ્તીનો વિચાર કરવો જોઇએ. જે પોતાનાં ખેતરોમાં ખેતી કરે છે અને જેમને વરસમાં ઓછામાં ઓછાં ચાર મહિના સુધી લગભગ કંઇ કામ હોતું નથી અને તેથી તેઓ લગભગ ભૂખે મરે છે. આ સામાન્ય સ્થિતિ છે અને વારંવાર પડતા દુકાળો આ પરાણે વેઠવી પડતી બેકારીમાં ઠીક ઠીક ઉમેરો કરે છે. આપણું સરાસરી આયુષ્ય બહુ જ ઓછું છે, આપણી ગરીબાઈ દિવસે દિવસે વધતી જાય છે, એનું કારણ એ છે કે આપણે આપણાં સાત લાખ ગામડાંની દરકાર નથી રાખી. આપણે એમનો વિચાર કર્યો તો છે જ, પણ તે તેમને લૂંટવા પૂરતો જ. આપણે ભારતવર્ષની જાહોજલાલીનાં રસિક વર્ણનો વાંચીએ છીએ; આ દેશમાં એક કાળે ધનધાન્યની છોળ હતી એમ વાંચીએ છીએ; પણ આજે એ ભૂખે મરતાં કરોડોનો દેશ બની ગયો છે. આપણે આ સુંદર મંડપમાં વીજળીના દીવાઓના ઝગમગાટમાં બેઠા છીએ, પણ આપણે જાણતા નથી કે આ દીવા માટે આપણે ગરીબના ઋણી છીએ એ વાત જો ભૂલી જઇએ તો એ દીવા વાપરવાનો આપણને કશો અધિકાર નથી.

પૂર્વની-ભારતવર્ષની-અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચે ભેદ




છે. એ ભેદ શેમાં રહેલો છે એની સામાન્યપણે ખબર પડતી નથી. આપણી ભૂગોળરચના જુદી છે, આપણા ઇતિહાસ જુદા છે, આપણી રહેણી જુદી છે. આપણો ખંડ વિશાળ છતાં ભૂતળ પર એક બિંદુ સમાન છે; પણ ચીનને બાદ કરતાં એમાં ઘાડામાં ઘાડી વસ્તી છે. હવે જે દેશમાં જમીન પર વસ્તીનું દબાણ વધારેમાં વધારે હોય તે દેશનાં અર્થશાસ્ત્ર અને સંસ્કૃતિ એ દબાણ જ્યાં ઓછામાં ઓછું હોય તે દેશના કરતાં જુદાં છે ને હોવાં જોઇએ. અમેરિકામાં વસ્તી ઓછી રહી, એટલે ત્યાં કદાચ યંત્રોની જરૂર હોય. હિંદુસ્તાનને એની જરૂર કદાચ બિલકુલ ન હોય. જ્યાં કરોડો માણસો કામ વિનાના બેસી રહ્યા છે ત્યાં મજૂરી બચાવનારાં યંત્રોનો વિચાર કરવાથી કશો લાભ નથી. જો કોઇ માણસ આપણા હાથને ખાવાની મહેનત બચી જાય એવું યંત્ર કાઢે તો ખાવું એ આનંદની વસ્તુ મટી જાય ને ત્રાસરૂપ થઈ પડે. આપણાં ઉદ્યોગોનો નાશ થઈ ગયો અને પરિણામે બેકારી આવી એ જ આપણી ગરીબાઈનું કારણ છે. કેટલાંક વરસ પહેલાં હિંદુસ્તાનની ખેતી પર નભનારી વસ્તી સિત્તેર ટકા ગણાતી; આજે તે નેવું ટકા ગણાય છે. એનો અર્થ એ નથી કે નેવું ટકા ખેડૂત છે; પણ જમીન પર આધાર રાખનારા સિત્તેર ટકા હતા તેને બદલે હવે નેવું ટકાને લાચારીથી જમીન પર આધાર રાખવો પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો થોડાક વખત પહેલાં વીસ ટકાને ભરણપોષણ આપે એટલા ઉદ્યોગધંધા હતા, તે હવે રહ્યા નથી, અને લોકોને પરાણે ખેતીની મજૂરીમાંથી ગુજારો ખોળવો પડે છે. આમ તેઓ આજીવિકા ચોરે છે; એનું કારણ એ નથી કે એમને એમ કરવાનું મન થાય છે, પણ હવે વધારે જમીન રહી જ નથી.

આપણા પાંત્રીસ કરોડને અન્ન આપે એટલી જમીન આપણા દેશમાં નથી એમ નહીં. હિંદુસ્તાનમાં વસ્તી હદબહાર વધી ગઇ છે ને તેથી વધારાની વસ્તીએ મરી જવું જોઇએ, એમ કહેવું એ હસવા જેવી વાત છે. મારી ખાતરી છે કે જેટલી જમીન તેટલી બધીનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે અને એમાંથી ઉપજાવી શકાય એટલો પાક ઉપજાવવામાં આવે તો તેથી આખી વસ્તીનું પોષણ જરૂર થાય. માત્ર આપણે ઉદ્યોગી થવું જોઇએ, ને જ્યાં આજે ઘાસનું એક તરણું ઊગે છે ત્યાં બે ઉગાડવાં જોઇએ.

આનો ઇલાજ એ છે કે આપણે ગરીબ ગ્રામવાસીની સાથે તદ્રુપ બનવું, એની જમીનમાંથી ઘણું અનાજ ઉગાડવામાં એને મદદ કરવી, તે જે પેદા કરે તે વાપરીને સંતોષ માનવો. અને તેને ખોરાક અને રહેણી કહેણીની વધારે સારી રીતો અનુસરવાને સમજાવવો.

આપણે મિલનો દળેલો લોટ ખાઇએ છીએ, અને ગામડાંનો ગરીબ માણસ પણ માથે અધમણ અનાજનો બોજો મૂકીને નજીકમાં નજીકને સંચે દળાવવા જાય છે. તમને ખબર છે ખરી કે આપણે પુષ્કળ અનાજ પેદા કરીએ



છીએ છતાં આપણે પરદેશથી ઘઉં મંગાવીએ છીએ અને ઑસ્ટ્રેલિયાથી આવેલો મેંદા જેવો લોટ ખાઈએ છીએ. આપણે હાથે દળેલો લોટ નથી ખાતા, અને ગરીબ ગ્રામવાસી પણ બેવકૂફીથી આપણું અનુકરણ કરે છે. આમ, આપણે ધનની ધૂળ બનાવીએ છીએ, અમૃતનું વિષ બનાવીએ છીએ, કેમ કે પૂર્ણ ઘઉંનો લોટ એ જ યોગ્ય ખોરાક છે. મિલના દળેલા લોટમાંથી એનો પ્રાણ-વિટામિન- ઊડી જાય છે, એટલું જ નહી પણ એ નર્યું ઝેર બની જાય છે. પણ આપણે રોજેરોજ તાજોલોટ ખાવો જોઈએ તે દળી લેવાની મહેનત કરતા નથી, અને ઓછી પુષ્ટિકારક વસ્તુઓ માટે પૈસા આપીને બદલામાં માંદગી ખરીદીએ છીએ. આ તો અટપટું આર્થિક સત્ય નથી, એ આપણી નજર સામે રોજ બનતી હકીકત છે. એ જ પ્રમાણે ચોખા, ગોળ અને તેલનું છે. આપણે છડીને સત્વ કાઢી નાખેલા ચોખા ખાઈએ, ઓછા સત્વવાળી ખાંડ ખાઈએ, અને એને માટે વધારે સત્વવાળા ગોળ કરતાં વધારે પૈસા આપીએ. આપણે ગામડાના ઘાંચીને પાયમાલ થવા દીધો છે, ને આપણે ભેગવાળાં તેલ ખાઈએ છીએ. આપણે ગાયની પૂજા કરીએ છીએ, પણ એને ધીમે મોતે મારીએ છીએ. આપણે મધ ખાઈએ છીએ ને મધમાખીને મારી નાખીએ છીએ, એને પરિણામે મધ એવી દુર્લભ વસ્તુ બની ગઈ છે કે એ મારા જેવા 'મહાત્મા' ને જ મળી શકે, અથવા વૈદ અનુપાન તરીકે બતાવે તો દરદી વૈદ પાસેથી ખરીદે ત્યારે તેને મળે. જો આપણે મધમાખીના ઉછેરની સશાસ્ત્ર અને નિર્દોષ રીત શીખવાની તકલીફ લઈએ તો આપણને તે સોંઘુ પડે, અને આપણાં બાળકોને જેટલા કાર્બોહાઈડ્રેટ જોઈએ તે બધા એમાંથી મળી રહે. આપણા બધા આહારમાં આપણે કૂચાને સત્વ માનવાની ભૂલ કરીએ છીએ, સત્વવાળી આખા ઘઉંના લોટની રોટી મૂકીને ઝાંખી સફેદ રોટી ખાઈએ.

આપણે નિત્ય સ્નાન કરનારાઓની પ્રજા કહેવાઈએ છીએ. નિત્ય સ્નાન તો આપણે કરીએ જ છીએ, પણ એથી આપણને લાભ કશો થતો નથી, કેમ કે આપણે મેલથી ગંદાં બનાવીએ છીએ અને એ પાણીને પીવા, નાહવા માટે વાપરીએ છીએ. આપણે વકીલો, ડીગ્રીધારીઓ ને ડૉક્ટરો સ્વચ્છતાનાં મૂળતત્વો પણ શીખતા નથી. મળને ઠેકાણે પાડવાની સૌથી લાભકારક રીત હજુ આપણે શોધી કાઢી નથી, અને આપણે આપણી ખુલ્લી આરોગ્યદાયી જગ્યાઓને રોગનાં ઉત્પત્તિસ્થાનો બનાવી મૂકીએ છીએ.

મારી તમને નમ્ર વિનંતિ છે કે તમે જડતા ફેંકી દો, જાગ્રત થાઓ, આ પાયાની વસ્તુઓનો અભ્યાસ કરો, વધારે બુદ્ધિપૂર્વક જીવનગાળો અને ધૂળમાંથી ધન કેમ પેદા કરવું એ શીખો. મેં તમને કેટલાંક સાદાં સત્યો કહ્યાં છે. આપણે જો યુગોથી જામેલી જડતા ફેંકી દઈશું તો આપણને એ સત્યો તરત સમજાશે  અને આપણે એનો અમલ કરીશું. પણ આપણે રોજ શરીરશ્રમનો ત્યાગ કર્યો છે, તેથી આપણાં





મગજને પણ હાનિ થઈ છે. એટલે આપણે ખોરાક અને રહેણીની અવિચારી રીતોને અનુસરીને સંતોષ માનીએ છીએ. આપણે હવે જાગવું જોઇએ અને આપણાં શરીર ને મગજને વધારે સતેજ કરવાનો સંકલ્પ કરવો જોઇએ.

એક અર્થમાં આપણા દેશની બેકારીનો પ્રશ્ન બીજા દેશના જેટલો કઠણ નથી. રહેણીની ઢબ એ મોટી વસ્તુ છે. પશ્ચિમમાં તો બેકાર મજૂરને બીજા લોકોની પેઠે જ ગરમ કપડાં, બૂટ કે જોડા ને મોજાં જોઇએ, હૂંફ આપી શકે એવું ઘર જોઇએ, ને ઠંડી હવામાં જેના વિના ન ચાલી શકે એવી બીજી ઘણી ચીજો જોઇએ. આપણને એ બધી ચીજોની જરૂર નથી પડતી. આપણા દેશમાંનાં ઘોર દરિદ્ર ને બેકારી જોઇને હું રડી પડ્યો છું, પણ મારે કબૂલ કરવું જોઇએ કે એને માટે આપણાં પોતાનાં બેદરકારી ને અજ્ઞાન જ મોટે ભાગે જવાબદાર છે. આપણે શરીરશ્રમનું ગૌરવ સમજતા નથી. એટલે મોચી જોડા સીવવા સિવાય બીજું કશું કામ નહીં કરે. તે માનશે કે બીજું બધું કરવામાં હલકાઈ છે. એ ખોટો ખ્યાલ જવો જોઇએ. સાચી દાનતથી હાથપગ ચલાવવા માગતા હોય તે બધાને માટે હિંદુસ્તાનમાં પૂરતું કામ પડેલું છે. ઇશ્વરે દરેક માણસને કામ કરીને રોજના રોટલા કરતાં વધારે કમાવવાની શક્તિ આપેલી છે, ને એ શક્તિ વાપરવા રાજી હોય તે દરેકને કામ મળી જ રહેશે. જે માણસ શુદ્ધ કોડી કમાવા માગે છે તે કોઇ પણ જાતની મજૂરીને હલકી નહીં ગણે. માત્ર ઇશ્વરે આપણને આપેલા હાથપગ વાપરવાની તૈયારી જોઇએ.

મારી કલ્પના એવી છે કે જેમ મૂડીવાળાની મૂડી તેનો પૈસો છે તેમ મજૂરીની મૂડી તેની મજૂરી કરવાની વિવિધ શક્તિ છે. ધનવાનને થોડેઘણે અંશે પણ મજૂરીની જરૂર પડવાની જ છે, તેમ મજૂરીની મૂડીરૂપ મજૂરીને ધનની જરૂર પડવાની છે. જો બંનેમાં બુદ્ધિ હોય ને પોતાની મૂડીની બીજાઓને જરૂરિયાત હોવા વિશે સામાન્ય નિશ્ચિતતા હોય તો બંને પક્ષ એકબીજા પ્રત્યે માનની નજરે જોશે. જેમ ધનવાન પોતાનું સંગઠન કરી શકે છે તેમ મજૂર પોતાનું. મજૂર પોતાને નિરાધાર માને છે, કેમ કે તેમની બુદ્ધિનો વિકાસ નથી થયો ને તેમનું સંગઠન થયું નથી. તેમને પોતાની શરીરરૂપી મૂડીની કિંમતનું ભાન નથી થયું. બુદ્ધિવિકાસ થાય, સંગઠન થાય ને મૂડીની કિંમત સમજાય તો મજૂરો ધનવાનના જેટલા જ નિશ્ચિંત થઈ શકે.

પૈસા જગતમાં બધું કરી શકે છે અને મજૂર પૈસાના દાસ છે એ બંને ઘોર ભ્રમણા છે. અજ્ઞાનની નિશાની છે. આ બેવડી ભ્રમણા દૂર કરવાનો પ્રયાસ મજૂરમહાજનના સેવકો કરી રહ્યા છે. એ પ્રયાસમાં મજૂરોએ કંઇ પણ મદદનીશ ધંધો શીખી લેવો એ અતિ આવશ્યક વસ્તુ છે.



**એચ. એસ. પટેલ**
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

# લોકોપયોગી માર્ગદર્શન

## નવી શરત અથવા નિયંત્રિત સત્તા પ્રકારની જમીનોનું શુધ્ધબુધ્ધિપૂર્વકના (Bonafide) વેચાણના કિસ્સામાં પ્રીમિયમ વસૂલ કરી મંજૂરી આપવાની મહેસૂલ વિભાગની જોગવાઈઓ

જમીન મહેસૂલ વ્યવસ્થાપનમાં જમીનનો સત્તા પ્રકાર (Land Tenure) મહત્વનો છે. ઘણીવાર જનમાનસમાં નવી શરત, જૂની શરત અંગે દ્વિધા હોય છે. જમીનનો સત્તા પ્રકાર જુદા જુદા જમીનને લગતા કાયદાને આધીન છે. દા.ત. ગણોતધારા હેઠળ મળેલ જમીન કલમ-૪૩ હેઠળ નવી અને અવિભાજ્ય શરત હેઠળની હોય છે તે જ રીતે સરકારે સોંથણીમાં જમીન આપેલ હોય તો નવી શરત, જમીન મહેસૂલ અધિનિયમની "કલમ-૭૩ એએ" તે આદિવાસી અનુજાતિએ ધારણ કરેલ જમીન ઉપર નિયંત્રણ, ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ આપેલ જમીન અને નવી અને અવિભાજ્ય શરત તે જ ધોરણ ભૂદાન હેઠળ અપાયેલ જમીન તેમજ જુદા જુદા સત્તા પ્રકાર નાબૂદ કરવામાં આવ્યા. જેમાં ઈનામ, જાગીર દેવસ્થાન, પસાયતા વિગેરે આમ નવી અને અવિભાજ્ય શરત એટલે કે કલેક્ટરની પૂર્વ પરવાનગી સિવાય જમીન તબદીલ ન થઈ શકે. જ્યારે જૂની શરત એટલે કે સરકારના કોઈપણ નિયંત્રણ વગરની જે જમીનની (freehold) તબદીલી જમીન ધારકની ઈચ્છા મુજબ કોઈપણ પ્રકારના નિયંત્રણ વગર તબદીલ/વેચાણ થઈ શકે.

ઉપર મુજબ જણાવ્યા મુજબની નવી શરતના નિયંત્રણોવાળી જમીનની તબદીલી / વેચાણ / હેતુફેર બિનખેતીના પ્રસંગોએ રાજ્ય સરકારે જે ધોરણો નક્કી કર્યા છે. (અપવાદ ભૂદાન તેમજ જમીન ટોચ મર્યાદા હેઠળ આપેલ જમીન) તે મુજબ પ્રીમિયમની રકમ વસૂલ લઈને કલેક્ટરશ્રી મંજૂરી આપે છે. રાજ્ય સરકારે નવી શરતની જમીનોમાં ખાતેદાર કબજો ધારણ કરેલ હોય તે તારીખથી ૧૫ વર્ષ થાય તો આપોઆપ ફક્ત ખેતી વિષયક હેતુ માટે ગ્રામ્ય વિસ્તારની જમીનો પ્રીમિયમ ભર્યા વગર જૂની શરતમાં ફેરવવાની છે અને આ અંગે મામલતદારે સ્વમેળે હુકમો કરી, ખાતેદારને જાણ કરવાની પણ જોગવાઈ છે. ઘણી જગ્યાએ શરૂઆતથી જમીન જૂની શરતમાં ચાલતી હોય. પરંતુ જ્યારે બિનખેતીની પરવાનગી માંગવામાં આવે, ત્યારે પાછળથી ખ્યાલ આવે કે, આ જમીન નવી શરતની ગણવાપાત્ર છે અને તેના ઉપર પ્રીમિયમ વસૂલ કરવાપાત્ર છે. પરંતુ તે પહેલાં ખેડૂત ખાતેદાર વચ્ચે જમીનોની તબદીલ કરી, વેચાણ વ્યવહાર તરીકે ગામ દફતરે નોંધ પ્રમાણિત કરવામાં આવી હોય તો આવા કિસ્સામાં શુધ્ધબુધ્ધિપૂર્વકના વેચાણ (Bonafide Sale) ગણીને પ્રીમિયમ વસૂલ કરી, સબંધિત હેતુ માટે ખેતીથી ખેતી અથવા ખેતીથી બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

શુધ્ધબુધ્ધિપૂર્વકના વેચાણના (Bonafid Purchaser) કિસ્સાની મંજૂરી અંગેની જોગવાઈઓ મહેસૂલ વિભાગના તા.૧૩-૩-૨૦૧૭ના પરિપત્રક્માંક :- ગણત / ૩૦૧૬ / ૨૧૩૫ ઝ અન્વયે મંજૂરી આપવાની જોગવાઈ કરી છે. આવા સંખ્યાબંધ કિસ્સાઓ ઉપર વર્ણવેલ સ્થિતિને કારણે ઉપસ્થિત થતા અને ગુજરાત હાઈકોર્ટમાં પણ કેસો થયેલ, જેમાં શુધ્ધબુધ્ધિપૂર્વકનો જમીન ખરીદનાર જવાબદાર ન હતો, કારણ કે રેકર્ડ ઉપર જે સત્તા પ્રકાર નોંધાયેલ તેના આધારે જમીન જૂની શરતની ગણીને ખરીદ કરેલ જેથી આવા કિસ્સાઓમાં ગુજરાત હાઈકોર્ટે પણ Bonafide Purchaser ગણી પ્રીમિયમની રકમ વસૂલ કરીને પરવાનગી આપવાના નિર્દેશો કરેલ છે. સિવાય કે જે કિસ્સામાં નવી શરતનું નિયંત્રણ પણ હોય અને બિનખેડૂતની તરફેણમાં વેચાણ થયેલ હોય તો તેવા કિસ્સામાં ગણોતધારાની કલમ – ૮૪ સી હેઠળ કાર્યવાહી

કરવાની થાય. તેમાં પણ રાજ્ય સરકારે કાયદામાં સુધારો કરીને ૨૦૧૫ પહેલાં કોઈ ખેડૂતે બિનખેડૂતને વેચાણ કરેલ હોય અને છેલ્લો ખરીદનાર સાચો ખેડૂત ખાતેદાર હોય તો તેવા કિસ્સાઓમાં મામલતદાર સમક્ષ અરજી કરીને રાજ્ય સરકારે જે જંત્રી મુજબની રકમ નક્કી કરી છે તે વસૂલ કરીને આ વેચાણો નિયમબધ્ધ થાય છે. ઘણીવાર એક સત્તાધિકારી દ્વારા નવી શરતના નિયંત્રણો દૂર કરવામાં આવ્યા હોય અને અપેલેટ અધિકારી અથવા કોર્ટ દ્વારા અપીલમાં નિર્ણય કરીને ફરીથી નવી શરતના નિયંત્રણો લાગુ કરવાના નિર્ણયો કરવામાં આવે છે. દરમ્યાનમાં આવી જમીનોનું વેચાણ થયેલ હોય તો તેવા કિસ્સામાં પણ Bonafide Purchaser ગણવાના થાય અને નિયમોનુસાર પ્રવર્તમાન નીતિ મુજબ પ્રીમિયમની રકમ વસૂલ લઈ વેચાણ વ્યવહાર નિયમબધ્ધ કરવાના થાય છે.

આવી જ રીતે ૨૯-૧૨-૧૯૬૫ પછી માલીકને ઘરખેડમાં આપવામાં આવેલ જમીનમાં નવી શરત લખવામાં આવેલ ન હોય અને ૭/૧૨માં લખવાનું પણ રહી ગયેલ હોય તો તેવા કિસ્સાઓમાં જે ઉત્તરોત્તર વેચાણ થયેલ હોય તો વેચાણ વ્યવહાર નિયમબધ્ધ કરી શકાય છે. આજ રીતે ગણોત કાયદામાં જે ૧/૮/૧૯૫૬ કે ત્યારપછી ગણોતિયાની તરફેણમાં જમીન માલિક દ્વારા કરવામાં આવેલ તબદીલી નિયંત્રિત સત્તા પ્રકારની હોવાથી પરવાનગી લેવાને પાત્ર છે. પરંતુ ૭/૧૨માં નવી શરતનો ઉલ્લેખ ન હોય અને વેચાણ થયેલ હોય તો તેને પણ Bonafide Purchaser ગણી શકાય છે. આવી રીતે જેમ ઉપર જણાવ્યું તેમ મુંબઈ પરચુરણ ઈનામી નાબૂદી અધિનિયમ, જાગીર એબોલીશન એક્ટ, તાલુકદારી એબોલીશન એક્ટ, દેવસ્થાન નાબૂદી ધારો વિગેરે જુદા જુદા કાયદાઓ હેઠળ પ્રાપ્ત થયેલ જમીનોમાં, જ્યાં નવી શરતનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોય અને તેના કારણે વર્ષોથી ૭/૧૨માં નવી શરત કે મર્યાદિત સત્તા પ્રકાર લખેલ હોતો નથી અને આવું રેકર્ડ વર્ષોથી પ્રમોલગેટ પણ થયેલ હોય છે. પરંતુ જ્યારે આવી જમીનો બિનખેતીમાં ફેરવવાના પ્રસંગ આવે ત્યારે ૧૯૫૧થી તમામ વ્યવહારો ચકાસતાં એમ માલૂમ પડે કે આ જમીન નવી શરતની ગણવાપાત્ર છે અને આ પહેલાં ઉત્તરોત્તર ખેતીની જમીનના વેચાણ વ્યવહાર પણ થયેલ હોય છે અને નોંધો પ્રમાણિત થયેલ હોય છે એટલે આવી જમીનો Bonafide Purchaser ગણીને વેચાણ વ્યવહાર નિયમબધ્ધ કરવાની જોગવાઈઓ કરવામાં આવી છે.

નવી શરત અને પ્રતિબંધક સત્તા પ્રકારની જમીનોની વેચાણ પરવાનગી કે હેતુફેરના પ્રસંગોએ ખેતી ટુ ખેતી અને ખેતી ટુ બિનખેતી માટે પ્રીમિયમ વસૂલ કરવાના જે માપદંડો છે તે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગના તા.૪-૭-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક – નશજ – ૧૦૨૦૦૬ – ૫૭૧ – જ થી નક્કી કરવામાં આવ્યા છે. આ ઠરાવથી ૧૫ વર્ષ ઉપરની ગ્રામ્ય વિસ્તારની તમામ જમીનોને કોઈપણ પ્રકારની પ્રીમિયમની રકમ વસૂલ કર્યા વગર ખેતીના હેતુ માટે જૂની શરતમાં ફેરવવામાં આવે છે અને જેમાં જમીન જયારે બિનખેતીમાં ફેરવવામાં આવે ત્યારે આ જમીન પ્રીમિયમને પાત્ર છે તેવો ઉલ્લેખ નમૂના નં. ૭ માં કરવાનો છે. જયારે શહેરી વિસ્તારોમાં ખેતી ટુ ખેતીમાં જૂની શરતમાં ફેરવવા ૫૦% પ્રીમિયમ ભરવાનું થાય છે. શહેરી વિસ્તારોમાં તમામ મહાનગરપાલિકા, નગરપાલિકા, પૂર્વ યુએલસી વિસ્તાર, શહેરી વિકાસ સત્તા મંડળો, કેન્ટોનમેન્ટ એરિયા, નોટિફાઈડ એરિયા વિસ્તારનો સમાવેશ થાય છે. જયારે ૧૫ વર્ષ બાદ જો બિનખેતીમાં ફેરફારના પ્રસંગે ૧૫ વર્ષ બાદ ૮૦% જંત્રીના ભાવનું પ્રીમિયમ વસૂલ કરવાનું છે. જયારે ગ્રામ્ય વિસ્તારની નવી શરતની જમીનોમાં શૈક્ષણિક કે સખાવતી સંસ્થાઓને બિનખેતીના હેતુ માટે ૫૦% રકમ જંત્રીના ધોરણે વસુલ કરવાની છે. આ રીતે કચ્છ ઈનામી નાબૂદી ધારા હેઠળની જમીનોમાં બિનખેતીના હેતુ માટે ૫૦% રકમ વસૂલ કરવાની જોગવાઈઓ છે. આમ નવી શરતની જમીનોના સત્તા પ્રકાર અને જૂની શરતમાં ફેરવવા અને Bonafide Purchaser તરીકેના વેચાણો નિયમબધ્ધ કરવાની જોગવાઈઓની ઉક્ત જાણકારી આમ જનતા માટે ઉપયોગી થશે.

“જમીન ધારકોએ ધારણ કરેલ જમીનનો સત્તા પ્રકાર જાણવો જરૂરી”



**શૈલેષભાઈ સગપરિયા**
ડેપ્યુટી ડાયરેક્ટર, સ્પીપા,
રાજકોટ

# આપણી જ સાથે ભગવાન અન્યાય કેમ કરે છે?

એક શહેરમાં બેકરીની એક દુકાન હતી. દુકાનની ખૂબ સારી નામના હતી અને શહેરના મોટાભાગના લોકો આ દુકાન પરથી જ બેકરીની ખરીદી કરતા હતા. બેકરી દ્વારા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અનેકવિધ વસ્તુઓ બનાવવામાં આવતી હતી તે પૈકીની અમુક વસ્તુઓ બનાવવા માટે એને માખણની જરુર પડતી. આ માખણ બાજુમાં આવેલા ગામડામાંથી એક ભરવાડ પાસેથી ખરીદવામાં આવતું હતુ. ભરવાડ પશુપાલનનું કામ કરતો આથી એમને ત્યાંથી રોજે રોજ તાજું અને સસ્તું માખણ મળી રહેતું હતું.

એક દિવસ બેકરીના માલિકને શંકા ગઈ કે માખણ જેટલું મંગાવ્યું એના કરતા થોડું ઓછું છે. ભરવાડ પર વિશ્વાસ રાખીને માખણ જોખ્યા વગર જ લઈ લેવામાં આવતું પણ આજે શંકા જતા માખણને જોખીને શંકાનું સમધાન કરવાનું માલિકે નક્કી કર્યુ. નોકરને બોલાવીને માખણનું વજન કરવાની સૂચના આપી. નોકર માખણનું વજન કરીને લાવ્યો. એક કિલો માખણ મંગાવવામાં આવેલું પણ માખણનું વજન ૯૦૦ ગ્રામ હતું. એક કિલો માખણ ખરીદવામાં આવેલું પણ તેના બદલે ૧૦૦ ગ્રામ ઓછું માખણ મળતા વેપારીને બહુ ગુસ્સો આવ્યો. ગામડાનો એક અભણ ભરવાડ છેતરપીડી કરી રહ્યો છે એ વાત પર બેકરીનો માલીક બરોબરનો ધૂંધવાયો. ભરવાડને પાઠ ભણાવવો છે અને આવી છેતરપીડી કરવા બદલ સજા કરવી છે એવો વિચાર કરીને એણે એક આયોજન ઘડી કાઢ્યું. ભરવાડ પર કોઈપણ પ્રકારના પગલાં લેતા પહેલા તમામ પુરાવાઓ એકઠા કરી લેવા જોઈએ એવું લાગ્યું.




વેપારીએ નક્કી કર્યુ કે આવું કેટલા દિવસ ચાલે છે તે જોવું છે. એણે ભરવાડને માખણ ઓછું હોવા વિષે કોઇ ફરીયાદ ન કરી. માખણ ઓછું આવવાની ઘટના એક દિવસની નહોતી પણ રોજ માખણ ઓછું જ આવતું હતું. થોડા દિવસ સુધી આ જોયા બાદ અને માખણ ઓછું આવે છે એના પુરતા પુરાવાઓ ભેગા કર્યા બાદ વેપારીએ ભરવાડની સામે કોર્ટમાં છેતરપીડીની ફરીયાદ કરી. કોર્ટ દ્વારા કેસની સુનાવણી હાથ ધરવામાં આવી ત્યારે ન્યાયધીશે ભરવાડને પૂછ્યું "તારા પર છેતરપીડીનો જે આરોપ મુકવામાં આવ્યા છે એના બચાવમાં તારે કોઇ રજૂઆત કરવી છે કે કોઇ વકીલ રોકવા છે?"

ભરવાડે હાથ જોડીને કહ્યું, "જજ સાહેબ, હું તો ગામડામાં રહેતો સાવ અભણ માણસ છું. ઢોર સાથે રહેનારા અમારા જેવા અબુધને આ કોર્ટ કચેરીની કંઇ ખબર ન પડે. મારે કોઇ વકીલ રાખવો નથી. મારે તો એટલું જ કહેવું છે કે મેં આ શેઠને ઓછું માખણ નથી આપ્યું." જજે કહ્યું, "પણ, એમના વકીલે રજૂ કરેલા પુરાવાઓ બતાવે છે કે તમે ૧ કિલોના બદલે ૯૦૦ ગ્રામ માખણ આપ્યું છે મતલબ કે તમે રોજનું ૧૦૦ ગ્રામ માખણ ઓછું આપો છો". ભરવાડે બે હાથ જોડીને જજને વિનંતી કરતાં કહ્યું, "સાહેબ, મારી પાસે માખણનું વજન કરવા માટે મારા ઘરમાં કોઇ વજનિયા જ નથી તો હું એને કેવી રીતે ઓછું માખણ આપું? અમે ગામડાંના માણસો વજનિયાનો ઉપયોગ કરીએ તો પણ નાના પથ્થરનાં વજનિયા બનાવીને જ એની સામે વસ્તુ આપીએ. પણ અમારા આ પથ્થરના વજનિયા વેપારીના વજનિયા કરતા વધુ વજનદાર હોય બસ એટલી મને ખબર છે."

જજે સામે પ્રશ્ન પૂછ્યો, "તો પછી રોજ ૧૦૦ ગ્રામ માખણ ઓછું કેમ આવે છે?"

ભરવાડ કહે, "સાહેબ, એનો જવાબ તો આ વેપારી જ આપી શકશે." જજે પૂછ્યું, "માખણ તું ઓછું આપે છે તો એનો જવાબ વેપારી કેવી રીતે આપી શકે?" ભરવાડે કહ્યું, "આ જવાબ વેપારી જ આપી શકે કારણ કે હું રોજ એમને ત્યાંથી એક કિલો બ્રેડ ખરીદુ છું અને એમની પાસેથી ખરીદેલી બ્રેડને જ વજનિયા તરીકે ઉપયોગ કરીને એમને એક કિલો માખણ આપું છું. હવે આપ એમને જ પૂછો કે એ





કયા વજનિયાનો ઉપયોગ કરે છે?

જીવનમાં બીજા કરતાં ઓછું મળે ત્યારે રાડારાડી કરવાને બદલે જરા વિચાર કરવાની જરુર છે કે મેં બીજાને શું આપ્યું છે ? આપણે જે બીજાને આપીએ એ જ અન્ય દ્વારા આપણાં તરફ પરત આવતું હોય છે. વિશ્વના તમામ ધર્મોમાં કર્મ સિધ્ધાંતની વાતો કરવામાં આવી છે. માણસ જેવું કર્મ કરે છે એવાં ફળ એને મળે છે. એટલે જો આપણને એમ લાગતું હોય કે આપણને અન્યાય થઇ રહ્યો છે તો એનો સ્પષ્ટ મતલબ એ થાય કે મેં પણ કોઇને અન્યાય કર્યો છે. આપણે બધાએ બૂમરેંગની વાતો સાંભળી છે. બૂમરેંગ જયારે ફેંકવામાં આવે ત્યારે એ આપણાથી દૂર જતું રહે છે પણ એ જ બૂમરેંગ ફરતું ફરતું બીજી દિશાએથી આપણા તરફ પાછું ફરે છે એમ આપણા જીવનમાં આવતા સુખો કે દુ:ખો આપણા જ કર્મના પડઘાઓ છે. સમાજમાં તમે ઘણી એવી ઘટનાઓ તમારી નજર સમક્ષ જોઇ હશે જેણે કર્મ સિધ્ધાંતની સજ્જડ સાબિતી આપી હશે. અરે, જોવાની ક્યાં વાત કરો છો કેટલીક ઘટનાઓ તો તમે ખુદે અનુભવી પણ હશે.

હું ખૂબ નાનો હતો ત્યારે હિરાલાલ ઠક્કરનું 'કર્મનો સિધ્ધાંત' પુસ્તક વાંચેલું. આ પુસ્તકની ઊંડી અસર મારા જીવન પર થયેલી છે. એમણે સમજાવેલી એક વાત મનમાં બરોબરની ફીટ થઇ ગઇ છે. પહેલાના સમયમાં ઘરમાં અનાજનો સંગ્રહ કરવા માટે કોઠાર રાખવામાં આવતા અને આ કોઠારમાંથી અનાજ કાઢવા માટે નીચે નાનું કાણું રાખવામાં આવતું. (આ કાણાને સાણા તરીકે ઓળખવામાં આવે). જરુર પડે તે મુજબ આ સાણામાંથી અનાજ બહાર કાઢવામાં આવે. હવે જો તમે કોઠીમાં કંઇ ન ભર્યું હોય તો સાણામાંથી કંઇ બહાર ન નીકળે. જો તમે બાજરી ભરી હોય તો બાજરી બહાર આવે અને ઘંઉ ભર્યા હોય તો ઘઉં બહાર આવે. કોઠારમાં કોઇ માણસ જાત-જાતનો કચરો ભરી દે અને પછી આશા રાખે કે હવે સાણામાંથી ઘઉં કે બાજરી બહાર આવશે તો એ શક્ય જ નથી. કારણકે તમે જે કોઠારમાં નાંખો તે જ કોઠારમાંથી બહાર કાઢી શકો આટલી સામાન્ય સમજ નાના બાળકને પણ હોય. આ કોઠારની જેમ જ આપણા જીવનમાં પણ આપણે જેવા કાર્યો કરીશું એવું પરીણામ મળશે એ સ્વાભાવિક જ છે. હા, શક્ય છે કે કદાચ પરિણામ મળતા થોડો સમય લાગે પણ પરિણામ તો આવે જ.

સમાજમાં જે માણસો સુખ વહેંચવાનું કામ કરે છે એને સુખ શોધવા નથી જવું પડતું, સુખ પોતે સામેથી જ એને શોધી લે છે અને જે માણસો બીજાને દુ:ખી કરવાનું કામ કરે છે એને દુ:ખ પણ ગમે ત્યાંથી શોધી કાઢે છે



## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



**૧૦ લાખ**
**બિઝનેસમેનનું જોડાણ**



સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજીત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર**
**બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**

**GPBO**

Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org GPBO



જય વસાવડા
જાણીતા યુવા કટાર લેખક

# ઉનાળો કોણે મોકલ્યો રે...!

કેવો ભયાનક છે આ વિષુવવૃત્તીય ધૂળીયા પ્રદેશનો ઉનાળો! ઉનાળો એટલે આળસ, અકળામણ અને અવ્યવસ્થાનો ત્રિવેણી સંગમ. ઉનાળો એટલે આવી ગરમી તો કોઈ દા'ડે પડી નહોતી- એ તકિયા કલામ દર વર્ષે સાંભળવાની કસરત! આમ તો 'જલતા હૈ બદન' એવું સાંભળો તો કંઈક 'હોટ હોટ' અનુભૂતિ થાય. પણ તમારા કરમ ફૂટયા હોય અને તમે આ ચામડાફાડ ઉનાળાની બપોરે લોખંડના પતરાની બનેલી એસ.ટી.ની બસમાં દઝાડતા રેક્ઝિનની સીટ પર બેઠા હો, તો આખું બદન ઊભેઊભું સળગી જાય! ભારતમાં જો કોઇ સરકારે ઇન્સ્ટન્ટ લોકપ્રિયતા મેળવવી હોય તો ઉનાળામાં એ.સી. વેચવાના લોન મેળા કરવા જોઇએ... એરકન્ડિશનર તથા રેફ્રિજરેટરના ઇલેક્ટ્રિક પોઇન્ટ જુદા કરી ઇલેક્ટ્રિસીટી બોર્ડે ઉનાળાના ત્રણ - ચાર મહિના એમાં ઠંડાગાર પાણીના ભાવે વીજળી આપવી જોઇએ. જનતા બાકીની બધી હાલાકી માફ કરી દે એની ગેરેન્ટી!

'મિશન ઈમ્પોસિબલઃ ટુ' ફિલ્મનો ઓપનિંગ ડાયલોગ છેઃ 'જો તમારે મહાનાયકનું સર્જન કરવું હોય, તો તમારે પહેલાં પ્રચંડ ખલનાયક બનાવવો પડે! તો જ એ ખલનાયકને હરાવનાર નાયકની વીરતા ઊડીને આંખે

વળગે.' લાગે છે કે ઉનાળાની કાળમુખી ગરમીથી ત્રસ્ત પ્રજા ત્રાહિમામ ન પોકારે, તો પહેલા વરસાદના ફૂલ ફૂલ છાંટાનો રોમાંચ શું રહે? સતત સ્વર્ગ - નરકની ફિકરમાં રહીને પૃથ્વી પરનો જન્મારો પણ બગાડનારા ભારતવાસીઓને એટલે જ આવો એસિડિક ઉનાળો ભેટમાં મળ્યો હશે. નરક કેવું હોય એનું જરા એડવાન્સ્ડ ટ્રેલર જાણવા મળી જાય તો ત્યાં પહોંચ્યા પછી બહુ પ્રોબ્લેમ નહિ! રાહતની રંગતનું 'ફીલ ગુડ' થાય... બરફના એકાદ ટુકડા કે પંખાના ત્રણ પાંખિયાનું માહાત્મય સમજાય... એ માટે આમ લોઢીમાં રખરખતી ખારી શિંગની માફક શેકાવાનું બાપલા?

એક જમાનામાં બચ્ચા લોગને અચૂકપણે 'ઉનાળાનો બપોર' પર નિબંધ લખવાનું કહેવામાં આવતું. જમાનો બદલાઈ ગયો, પણ નિબંધના વિષયો બદલાયા નથી. ઉનાળાનો બપોર એટલે એવો સમય કે જયાં લખવાનું તો શું, જમવાનું ય મન ન થાય! આપણે માણસ છીએ, કંઈ કાદવમાં માથાબોળ ડૂબકા મારતી ભગરી ભેંસ નથી કે આપણને ઉનાળાની બપોર વ્હાલી લાગે! ઉનાળાનો બપોરે તો સૂરજદાદા વાત્સલ્ય ભર્યો હાથ ફેરવતા હેતાળ દાદાજીને બદલે ભાઈલોગ બ્રાન્ડ માફિયા 'દાદા' લાગે! જે બપોરે વૃક્ષોના પાંદડા ય હલતા ન હોય, ત્યાં વળી જનજીવન 'ઠપ્પ' ન થાય, તો શું 'અપ' થાય? ઉનાળાનો બપોર એટલે આધુનિક 'શયનયોગ'. જેમાં તણાતણ પેટ ભરીને 'કોઠો ટાઢો' કર્યા પછી પોચા પોચા ગાદલામાં ગરમ ગરમ પંખાની હવા ખાતા ખાતા ડાબેથી જમણે અને જમણેથી ડાબે પાસા ઘસવાના! માથું ઓશિકા સાથે ઘસવાનું... ટાંટિયા લાંબા ટૂંકા કરવાના! ઘડીકમાં ચત્તાપાટ તો ઘડીકમાં ઉંધેકાંધ! રોમેરોમ કસરત મળી જાય! પછી પરસેવો આ અંગમરોડનો થયો છે કે ગરમીનો, એ ખબર પણ ન પડે!

ઈશ્વર, અલ્લાહ, ગોડ જગતમાં બે નોકરીઓ બરાબર 'ખાર' રાખીને વહેંચતા હશે. ટ્રાવેલિંગ સેલ્સમેન અને ટ્રાફિક પોલીસ. આવી ગરમીમાં સતત રસ્તા પર જ રહેવાનું! જો કે, ભારતમાં એક ફાયદો. ગુટલી મારવાની મોકળાશ મળે. પણ પૂરબ ઔર પશ્ચિમની એવરગ્રીન હૂંસાતુંસીમાં સર્જનહારે લાગવગ વાપરીને પણ પશ્ચિમની જ 'ફેવર' કરી છે. સંસ્કૃતિની સાઠમારી જવા દો - ઉનાળામાં ય કામ કરવાનું મન થાય એવી ખુશનુમા મોસમ ખોબલે ને ખોબલે કુદરતે વેસ્ટર્ન મુલ્કોમાં જ ઠાલવી છે! પુણ્યશાળી ભારતમાં તો ભાઈ, તપસ્યાનું બહુ મહત્ત્વ એટલે ગરમીમાં શક્કરિયાની જેમ બફાવાની કસોટીએ ચડવાનું! જયારે પાપીયા પશ્ચિમી દેશોનેય સમર સનશાઈનના જલસા કરવાના! બરફીલી સડકો, લહેરાતો



પવન... ગમે ત્યારે ગમે ત્યાં બિકિની-બર્મ્યૂડા પહેરીને કે ટૂંકી ટૂંકી બે વેંઢાની ચડ્ડીયું ચડાવીને બીચ પર આળોટયા કરવાનું! મોસમ પણ સ્વર્ગની અને રંગીન માહોલ પણ સ્વર્ગનો! કેટલા પાપ કરીએ તો આવો મદ્‌મસ્ત ઉનાળો સદાય માણવા મળે?! અને કેટલા પુણ્ય પછી ઉનાળામાં લાઈટ વિના તરફડવાનું થર્ડ ડિગ્રી ટોર્ચર ભારતમાં ભોગવવા મળે!

જો 'હીટ'ને 'બીટ' ન કરો તો આપણી તંદુરસ્તી 'હિટ વિકેટ' થઇ જવાનું જોખમ પૂરેપૂરૂં રહે છે. ફેફસામાં શ્વાસ ચડી જાય, મસાલાવાળો ખોરાક ખાઇને લાલ મરચાં જેવું લોહી નાકમાંથી નીકળે, વાસી વાનગીઓથી ફુડ પોઇઝનિંગ થઇ જાય, લીવરના 'કિલોમીટર પૂરા' થઇ જાય, ઉનાળો પોતે જ એ વિનાશક બેકટેરિયા જેવો છે - હેલ્થ હેઝાર્ડ! પસીનો ચોંટી જાય તો ખરજ આવે. ગરમીમાં બહુ ફરવું પડે તો મોળ ચડે. ઠંડી હવા બહુ ખાવ તો આધાશીશીના આઘાતજનક હુમલાઓ આવે. બહુ શીતળ પદાર્થોનું સેવન કરો તો દેહમાં પિત્ત પ્રકોપ વધી જાય! કપડાં પહેરો તો એર સરકયુલેશનના અભાવે એલર્જી થઇ જાય. કપડાં ઉતારો તો ખુલ્લી ચામડી પર સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો પડે ને સનબર્ન થઇ જાય! આવા ઉનાળે કાળી મજૂરી કરતાં શ્રમજીવીઓની ક્ષમતા કંઇ ઓલિમ્પિક ચેમ્પીયનથી કમ ન આંકવી! ઠીક છે, સમર વેકેશન મળતું હોઇને ઉનાળામાં બધા હિમાચ્છાદિત હિલ સ્ટેશને દોડી જાય છે. બાકી, હાંફતા ચરબીધરો માટે સમર સીઝન પોતે જ

> **અપુન ફિર ભી ગરમીમેં નરમી દેખેગા! ઉનાળો એમ કંઇ દોઝખભઠ્ઠી જ છે એવું નથી. એમાં રંગબેરંગી કેપ ચડાવીને જાણે મુકુટધારી મહારાજાની જેમ ફરવાનો ઠાઠ છે. એમાં પરસેવો શોષી લેતી ખાદીના અન્ડરવેઅર્સ પહેરવાના કૂલીંગ કમ્ફર્ટ છે.**





'કિલ' સ્ટેશન છે!

જો લોકોને કોવિડકાળમાં ઉનાળુ ગરમી 'પાસ' નથી કરી દેતી, એ સુખી જીવાત્માઓ 'ટાઈમપાસ' કરવા ઉનાળામાં ભકિતભાવપૂર્વક ત્વચા પર ઊંચા 'સન પ્રોટેકશન ફેકટર'વાળા સનસ્ક્રીન ક્રીમનો લેપ કરે છે. નહાવાના લકઝયુરિયસ



બાથટબમાં સુખડનું તેલ નાખી લાલ ગુલાબની પાંદડીઓ તરતી મૂકીને ફુવારા મારે છે. અડધું લીંબુ લટકાવ્યું હોય એવા સોહામણા (પણ સ્વાદિષ્ટ નહિ!) શરબતો કાંઠે રાખીને આસમાની ચાદર જેવા સ્વીમિંગ પૂલમાં ઘૂબાકા મારે છે. વ્હાઈટ વ્હાઈટ કલરના ડિઝાઈનર સમરવેર પહેરે છે. યેલો, ગ્રીન, બ્લ્યુ, ઓરેંજ પણ ખરા! પસીનાના છિદ્રો બંધ કરી દેતાં રસાયણો હોઈને અતિરેકથી શરીર માટે નુકસાનકારક ડિઓડરન્ટ સ્પ્રેનો અભિષેક કરે છે. તડબૂચની રસદાર ડગરી પર દાંતની સાથે નાક પણ ખુંપાવી દેતું આક્રમણ કરવાને બદલે પ્લાસ્ટિકની સળીથી ફ્રુટ ડિશમાંથી એક જેલીનો ટુકડો ઉઠાવી ચગળે છે! બહુ ચિબાવલા હોય તો વળી, પાણીમાં હાથપગ લાંબાટૂંકા કરીને 'એકવા એરોબિક્સ' કરે છે! બ્રાન્ડેડ પોલોરાઈડ સનગ્લાસીસ આંખોએ ચડાવી સ્વીમવેરમાં



ધરતી પર ઉપકાર કરતાં હોય એમ થોડાંક ચક્કરો મારે છે! ઉનાળાની ગરમી ઓછી હોય એમ આવી આઇસ કોલ્ડ જીંદગી જોઇને થતી જલન તમને દઝાડી દે! ઉનાળુ ગરમીનો મુકાબલો કરવા માટે ઋતુઓના વિજ્ઞાનની સમજ કરતાં બેંકમાં પડેલા રોકડાની ખનક વધુ જરૂરી છે! અને આ બિટર ટ્રૂથ ઉનાળાની ગરમીની આગ દેહની સાથોસાથ દિલમાં પણ પ્રજાળે છે!

ફરગેટ ઇટ. અપુન ફિર ભી ગરમીમેં નરમી દેખેગા! ઉનાળો એમ કંઇ દોઝખભઠ્ઠી જ છે એવું નથી. એમાં રંગબેરંગી કેપ ચડાવીને જાણે મુકુટધારી મહારાજાની જેમ ફરવાનો ઠાઠ છે. એમાં પરસેવો શોષી લેતી ખાદીના અન્ડરવેઅર્સ પહેરવાના કૂલીંગ કમ્ફર્ટ છે. સફેદ ઝભ્ભા ચડાવીને હળવાફૂલ થવાનો અહેસાસ છે. ઉનાળો એટલે મધમીઠાં શેરડીના રસમાં તરતાં પારદર્શક બરફના સ્ફટિકમય ગચિયાં! ઉનાળો એટલે સક્કરટેટી અને જાંબુની જયાફત! ઉનાળો એટલે માખણને મિસરી! ઉનાળો એટલે ફ્રીઝકોલ્ડ શિખંડના તપેલાનું ચાટણ! કઢેલાં દૂધના ફ્રુટ સલાડના સબડકાં! નવાનક્કોર ગેરૂરંગી માટલાની ગંધથી સુવાસિત પાણીનું પવાલું! લીંબુ, ફુદીના, આદુ, મધ, ખસ અને વરિયાળીનું શરબત! કાચી કેરીના અથાણા અને મસ્સાલેદાર છાશની તાંસળી! ગુલકંદવાળું સાદું પાન અને બ્રાહ્મી-દૂધીવાળું માથામાં નાખવાનું તેલ!

અને ઉનાળો એટલે કેરી! મમમ... મ.. મ.. મેંગો! આદમ અને ઇવે ભલે ફ્રુટ ઓફ નોલેજ જેવું 'એપલ' ખાઇને આકર્ષણનો આનંદ અનુભવ્યો હોય.... ફોરબિડન ફ્રુટ તરીકે 'ફ્રુટ ઓફ ટેમ્પટેશન' જો કોઇ હોય.... જે ખાઇને ઇશ્વરનો શાપ વહોરી લેવાનીય હિંમત આવી જાય... તો એ છે મેંગો! કદાચ 'આમ' - 'આમ' બોલતાં બોલતાં જ 'ઓમ' 'ઓમ'ની પ્રાર્થના થઇ ગઇ હશે! ઉનાળો જો પરસેવાથી નીતરતાં મોજાંની બદબૂ લઇ આવતો હોય તો એ પાકી, રસાળ, સુઘટ્ટ, દળદાર કેરીની ખુશ્બૂ પણ આપે છે!

અને ઉનાળામાં 'પીળી ચાંદની'માં પ્રસ્વેદથી તરબતર હાલતમાં નર કે નારીના ચપોચપ ચોંટેલા વસ્ત્રોમાં આકૃતિ કંડારાઇ જાય.... ત્યારે ખારા પરસેવાની એ સિલવટોમાં એક આદિમ ગંધ મહેંકે! ગરમી સ્વભાવની હોય કે સમરકેમ્પની.... એ હંમેશાં માણસને વધુ પારદર્શક બનાવે છે!

બસ, એક જ ફરિયાદ છે. આ ગરમી કાતિલ કોરોનાને ભરખી કેમ નથી જતી !

# અહીં બુલબુલનું અભિવાદન છે



**પદ્મશ્રી ગુણવંત શાહ**
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

જેને આપણે આપણું ઘર ગણીએ છીએ તે કેવળ આપણું નથી હોતું. ઘરમાં અટવાતા ઉંદરને પણ એ ઘર પોતાનું જ લાગે છે. જો ઘર માત્ર આપણું જ હોત તો એમાં ચકલીએ માળો ન બાંધ્યો હોત. ઘરમાં આવી પડનારાં બિલ્લીમાસી મોજથી ચકારાવો મારીને ચાલી જાય છે. પ્રત્યેક ઘરમાં થોડાક મંકોડા, વાંદા અને મચ્છરો લિવ એન્ડ લાયસન્સના કરાર મુજબ રહેતા હોય છે. બારી સાથે જડાયેલા ઍરકન્ડિશનર અને ભીંત વચ્ચે પડેલી બખોલમાં કબૂતરો ન રહે એવું ભાગ્યે જ બને છે.

સ્ટોર રૂમમાં અસંખ્ય કીડીઓની લાઈન હોવાની જ! ઘર હોય ત્યાં ભીંત હોય, ભીંત હોય ત્યાં છત હોય અને છત હોય ત્યાં ગરોળી હોય. ધ્યાનસ્થ ગરોળી પોતાના મોંથી થોડેક છેટે આવેલા જીવડા પર ઓચિંતી તરાપ મારે છે. ચાંચડ-માંકડ હવે લગભગ અલોપ થતા જાય છે, પરંતુ ફુવડ ગૃહિણીના ઘરમાં તેઓને નિરાંત હોય છે. વાનગી તૈયાર થઈ નથી અને એના પર માખી બેઠી નથી! પુસ્તકો પ્રત્યેના આકર્ષણમાં પંડિત અને ઊધઈ વચ્ચે જબરી હરીફાઈ ચાલતી હોય છે. ઊધઈ ઘરમાં વસે છે એની જાણ ઘરમાં હોવાં છતાં કદીય ન વંચાતાં પુસ્તકોને જ હોય છે. વાળ ઓળવા માટેની ખાસ કાંસકીને લીખિયા કાંસકી કહે છે. જૂ અસંખ્ય ઈંડાં મૂકે છે અને એ ઈંડાંને લીખ કહે છે. એક જમાનામાં વાઘરણ આવી લીખિયા કાંસકી વેચવા માટે ફળિયામાં આવતી.

ઘરના આંબા પર કેરીઓની લહાણી ઋતુરાજ દર





વર્ષે કરતા જાય છે. દર અઠવાડિયે વાનરોનો એક કબીલો આવી પહોંચે છે.એ લોકો કેરી ખાય પછી વધેલી કેરી અમારા ભાગે આવે છે. વાડામાં ચીકુડી છે. વાંદરા અને પંખીઓ પહેલી પંગતમાં ભોજન કરી લે પછી બાકીનાં ચીકુ જ અમારે ખાવાનાં રહે છે. વર્ષો પહેલાં ચીકુડીની જગ્યાએ જમરૂખી હતી ત્યારે પોપટના કુળના સૂડા એક પણ જમરૂખ ઝાડ પર ન બચે તેની કાળજી રાખતા.

હું સ્ત્રી-દાક્ષિણ્યમાં માનું છું તેથી સુગરી, ખિસકોલી અને કોકિલા પ્રત્યે વિશેષ આદર ધરાવું છું. એ આદરમાં પ્રેમનું તત્ત્વ ભળે ત્યારે વાત બદલાઈ જાય છે.વર્ષોવર્ષ સુગરી નાળિયેરી પર માળો રચે છે. હજી સુધી એણે એક પણ વાર પરવાનગી લીધી નથી. પંખીઓનો કલરવ શરૂ થાય ત્યારે ખિસકોલી એમાં પોતાનો સૂર પુરાવે છે. એ ઘરમાં હકપૂર્વક દાખલ થાય છે કારણ કે એના પ્રત્યેના મારા સ્નેહને એ નબળાઈ ગણીને ચાલે છે. વાત પણ સાવ ખોટી નથી. ખિસકોલીની ચંચળતા, સ્ફૂર્તિ અને સુકુમારતાનો હું આશક છું કોયલ કદી ઘરમાં દાખલ નથી થતી, પરંતુ એનો ટહુકો ઘરમાં જ નહીં, હૃદયમાં દાખલ થઇ જાય છે. એને ખબર છે કે જે ઘરનું નામ જ ‘ટહુકો’ હોય તેમાં એના મધુર સ્વરનું અભિવાદન હોય જ. હીંચકે બેઠો બેઠો હું સતત  પ્રતીક્ષા કરતો રહું છું. પ્રતીક્ષા કરવા સિવાય મારે કોઈ કામધંધો નથી. દર વર્ષે વસંત બેસે ત્યારથી ટહુકાની પ્રતીક્ષા કરું છું. હવે માણસની પ્રતીક્ષા કરવાની હિંમત બચી નથી. સાચી પ્રતીક્ષા એજ મારી પ્રાર્થના છે. ટહુકાને હું આંબા પરથી વહેતો થયેલો વેદમંત્ર ગણું છું. ક્યારેક હીંચકાથી માંડ પંદર ફૂટ છેટે ટીટોડી ચાલી આવે છે.એ ભોંય પર ચાલે ત્યારે સાક્ષાત્ કવિતા ચાલતી હોય તેવું લાગે છે અને જયારે ઊડી જાય ત્યારે પોતાનો લયલ્હેરીયો સ્વર આસપાસની આબોહવામાં છોડતી જાય છે.

ઘરનો ઝાંપો ખુલ્લો રહી જાય ત્યારે કોણ જાણે ક્યાંથી ગાય કે ભેંસ દાખલ થઇ જાય છે. આખું વરસ જેની માવજત થઇ હોય એવા છોડવાનો કચ્ચરઘાણ નીકળી જાય છે. ક્યારેક ગધેડા અને ભૂંડ પણ પેધા પડી જાય છે. ગાય-ભેંસને સમજાય તેવા ડચકારા બોલાવતી વખતે મનોમન હું મારા ગામનો અસલ ભૂમિપુત્ર બની જાઉં છું. મારી ભાષા શહેરની ગાય ભેંસોને તો સમજાય છે. પરંતુ

અહીંના ગધેડા તથા ભૂંડોને નથી સમજાતી.જૂનો સ્નેહબંધ ઝટ નથી છૂટતો. બકરીબાઈ પણ ક્યારેક આવી પહોંચે છે, પરંતુ એ ભરવાડની ભાષા જ સમજે, મારી ન સમજે.બકરી જેવી ગરિમાપૂર્ણ નારીશક્તિ હજી જોવા મળી નથી. એ કેવળ લીલો પાલો જ ખાય છે અને આપણને જે પુષ્પ-પાંદડાં વહાલાં હોય તેને જ લાગમાં લે છે. બકરીના દાંતથી ઘવાયેલી ડાળખી વધતી અટકી જાય છે.બકરી આગલા બે પગ અધ્ધર કરીને પોતાની ઊંચાઈ વધારી જાણે છે અને ધાર્યું ફળ ચાવી જાય છે. આપણા બાગને એ પોતાના બાપનો બાગ સમજીને ઘૂસી જાય છે. બકરી કદી દાદાગીરી નથી કરતી; બકરીગીરી જ કરે છે. અને લીલો આહાર જ ફાવે છે અને ભાવે છે. એ કદી બારમાસીના ફૂલછોડને સતાવતી નથી.

ચોમાસું બેસે ત્યાં તો ગોકળગાય ઘરની ઓસરીમાં અચૂક આવી પહોંચે છે. હું એને જાણીજોઈને 'ગોકુળગાય' કહું છું. એની ધીરી ગતિનો અંદાજ આવે તે માટે પૂછવું પડે : 'એક કલાકના કેટલા સેંટિમીટર ?' ગોકુળગાય બાગના લીલા ઘાસ પર ધીમે ધીમે આગળ વધે ત્યારે એની પાછળ એક ચળકાટવાળો ઉત્સર્ગ પથરાતો જોવા મળે છે. ઘરનું ભોંયતળિયું જમીનથી બે ઈંચ જેટલું ઊંચું પણ નથી તેથી ચોમાસામાં નાની નાની દેડકીઓ ઘરમાં નિરાંતે ફરતી રહે છે. અમે કદીય એને સતાવતા નથી. લોકો ચેતવણી ઉચ્ચારે છે કે દેડકીને ખાવા માટે સાપ આવશે. હજી સુધી એમ બન્યું નથી.

થોડાક દિવસો પર એક ઘટના બની. પ્રવેશદ્વારના થાંભલા પર લાઈટના બલ્બ અને શેડ વચ્ચેની જગ્યામાં બુલબુલે માળો બાંધ્યો છે. અમે લાઈટ કરીએ તો કદાચ બુલબુલનાં ઈંડાં નાશ પામે. તેથી હાલ પૂરતું એ સ્વિચ પાડવાનું માંડી વાળ્યું છે. કોણ જાણે ક્યાંથી બુલબુલને જાણ થઈ ગઈ છે કે ખતરો પાકો છે. એ રોજ આવે છે. અને ઘાસના ઘર પર બેસે છે, પરંતુ ઈંડાં મૂકવાનું ટાળે છે. કોઈ બીજી જગા જડી ગઈ લાગે છે. બુલબુલને મનોમન કહું છું : 'હે બુલબુલ ! અહીં તારા અસ્તિત્વનું અભિવાદન છે. અમે તને હેરાન નહીં કરીએ. આ પૃથ્વી કેવળ માણસની નથી, તારી પણ છે. આ ઘર મારા બાપનું નથી,તારું પણ છે. એ આપણું છે. અમને તારી મૈત્રી ગમે છે.' ઘરમાં કોણ કોણ રહે છે તેની જાણ એના મૂર્ખ ઘરમાલિકને હોતી નથી. પાળેલા કૂતરાને પ્રેમ કરવાનું





અઘરું નથી, અને ન પાળેલા જીવોનું સહજ અભિવાદન કરવાનું સહેલું નથી. બધા જીવોનું અભિવાદન એ જ અહિંસા છે. આપણો પરિવાર સંકુચિત મટીને વ્યાપક બને ત્યારે અહિંસા સહજ બને.

રોજ ઘરના બાગમાં પુષ્પો પર પતંગિયું બેસે છે. એની અવકાશયાત્રા અને આનંદયાત્રા નિહાળતો રહું ત્યારે વિશ્વનિર્મિતિ (કોસ્મોસ) નો લય મારા વ્યક્તિગત લય સાથે એકરૂપ થતો જણાય છે. પતંગિયું જ્યારે પુષ્પ પર બેઠેલું હોય ત્યારે રાધાના ખોળામાં માથું મૂકીને સૂતેલા કૃષ્ણનું સ્મરણ અચૂક થાય છે. પતંગિયું ક્યારે ઊડીને અદ્રશ્ય થયું તેનો ખ્યાલ પણ નથી રહેતો. કવિ સ્નેહરશ્મિના શબ્દો હૃદયમાં રમતા થાય છે :

**પતંગિયું ત્યાં**
**થયું અલોપ**
**શૂન્ય ગયું રંગાઈ !**

ઘરને 'આપણું' કહેતાં પહેલાં સો વાર વિચારવું પડે તેમ છે. આપણું એટલે કોનું ? 'આપણું' શબ્દ વિરાટને બાથમાં લેનારો છે. સરોજ પાઠકની એક વાર્તાનું મથાળું છે : 'વિરાટ ટપકું.' ઘર આપણું ઢાંકણ છે. એમાં આપણી બધી મર્યાદા ઢંકાઈ જાય છે. ઈ. એમ. ફોરસ્ટર કહે છે :



'હું આ દુનિયામાં નગ્ન અવસ્થામાં આવ્યો હતો અને નગ્ન અવસ્થામાં જ આ દુનિયામાંથી વિદાય લઈશ.

મજાની વાત તો એ છે કે, મારા ખમીસની અંદર હું નગ્ન જ છું. પછી ભલે એનો રંગ ગમે તે હોય !'

# આકાશ આંબવાની આશ



**વૃંદા મનજીત**
જાણીતા લેખિકા

મે મહિનાનો પહેલો દિવસ એટલે કે પહેલી તારીખ આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ભારતમાં ૧લી મે, ૧૯૨૩ના રોજ ચેન્નઈમાં શ્રમિક દિવસને મદ્રાસ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. તેની શરૂઆત ભારતીય મજદૂર કિસાન પાર્ટીના નેતા કોમરેડ સિંગરાવેલુ ચેટ્ટીયરે કરી હતી. આ દિવસ ૧લી મેના રોજ ભારત સહિત લગભગ ૮૦ દેશોમાં ઉજવવામાં આવે છે.

મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે, 'કોઈપણ દેશની પ્રગતિ તે દેશના શ્રમિકો અને ખેડૂતો પર નિર્ભર કરે છે. સરકારની ભૂમિકા એ જ હોવી જોઈએ કે આ પ્રકારના આયોજનો કરીને ઉદ્યોગપતિઓ અને શ્રમિકો વચ્ચે સુખદાયક, શાંતિમય અને પારિવારિક સંબંધ સ્થાપિત થાય અને ઝઘડો કે ટકરાવની સ્થિતિ ઉત્પન્ન ન થાય.'

ભારતીય સંદર્ભમાં એવું પણ માનવામાં આવે છે કે ગુરુ નાનક દેવજીએ ખેડૂતો, મજૂરો અને કામગારોના હકમાં પોતાનો અવાજ બુલંદ કર્યો હતો.

૧લી મેના દિવસે વિશ્વભરના શ્રમિકોને સન્માનિત કરવા માટે આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસ તરીકે ઉજવવા માટેની ઘોષણા પહેલી વાર ૧૮૯૧માં કરવામાં આવી હતી.

હાલમાં ભારતમાં શ્રમિક એ ભારતના અર્થતંત્રનો



મજબૂત પાયો કહી શકાય. વર્ષ ૨૦૨૦માં ભારતમાં લગભગ ૫૦૧ મિલિયન કામદારો હતા, જે ચીન પછી બીજા ક્રમે છે. આ શ્રમિકોમાંથી કૃષિ ઉદ્યોગમાં ૪૧.૯ ટકા, ઈન્ડસ્ટ્રી સેક્ટરમાં ૨૬.૧૮ ટકા અને સર્વિસ સેક્ટરમાં લગભગ ૩૨.૩૩ ટકા જેટલા શ્રમિકો કાર્યરત છે. આમાંના ૯૪ ટકા જેટલા શ્રમિકો અસંગઠિત ક્ષેત્રોમાં કાર્ય કરે છે, જેમાં કહી શકાય કે લારી ચલાવતા છૂટક વિક્રેતાઓ, ઘરેલુ ડાયમંડ ઘસાઈના ક્ષેત્રમાં અને રત્ન પોલિશિંગ તેમજ કન્સ્ટ્રક્શન કાર્યો જેવા વ્યવસાયોમાં કામ કરતા હોય છે. અને સંગઠિત ક્ષેત્રોમાં એટલે કે જેમાં સરકાર કે રાજ્યની માલિકીના સાહસો તેમજ ખાનગી ક્ષેત્રના સાહસો દ્વારા કાર્યરત કામદારો સામેલ છે. સૂત્રો અનુસાર વર્ષ ૨૦૦૮માં સંગઠિત ક્ષેત્રે ૨૭.૫ મિલિયન મજૂરોને રોજગારી આપી હતી જેમાંથી ૧૭.૩ મિલિયન સરકારી અથવા સરકારની માલિકીની કંપનીઓ માટે કામ કરે છે.

આમાં અગત્યની વાત એ જાણવા જેવી છે કે કુલ કારખાનાઓના શ્રમિકોમાં લગભગ ૩૧ ટકા ભાગીદારી મહિલાઓની હતી પરંતુ પુરુષોની તુલનામાં તેમને મજૂરી ઓછી આપવામાં આવતી હતી. એક અંદાજે કહી શકાય કે પુરુષોને જ્યાં ૬૦૦થી ૭૦૦ રુપિયાની વચ્ચે મજૂરી મળે છે ત્યાં મહિલાઓને તેનાથી ઓછી મળે છે જ્યારે બંનેનું કામ લગભગ સરખું જ હોય છે.

તમને થતું હશે કે આ વળી મજૂરોની-શ્રમિકોની વાત લઈને ક્યાં બેસી ગઈ? પરંતુ હવે હું મુખ્ય મુદ્દા પર આવવા માગું છું.

આપણે ત્યાં જ્યારે કોઈ ‘ડે’ની ઉજવણી હોય ત્યારે અખબારો, ચેનલો, મેગેઝિનો અને હવે તો સોશિયલ મીડિયા પર પણ તે ‘દિવસ’ પર આપવાની ગિફ્ટ, તેનું મહત્ત્વ, ઉપરાંત તેના ઉપર લખાયેલી કવિતાઓ, નાટકો અને નાની નાની સ્કિટ્સ રજૂ થાય છે. એવા જ એક ‘મધર્સ ડે’ના દિવસે થ્રી ઈડિયટ ફિલ્મના મુખ્ય કિરદારોમાંના એક સરમન જોષીએ એક નાનકડો ઈન્ટર્વ્યૂ ગોઠવીને સ્કિટ રજૂ કરી હતી તેના કેટલાંક ડાયલોગ તમને સાંભળવા/વાંચવા ગમશે.

મધર્સ ડેના દિવસે એક ઝૂમ મિટિંગમાં સરમન એક ઈન્ટર્વ્યૂ માટે અનેક લોકોને બોલાવે છે. સરમન પૂછે છે,‘તો શું આપે અમારી કંપનીમાં નોકરી માટે એપ્લાય કર્યું હતું?’ સામેથી ‘હા’માં જવાબ મળે છે. જોબ



પ્રોફાઈલ વિશે સરમન કહે છે, ‘આ એક મેનેજરની પોસ્ટ છે, તેમાં ખૂબ જવાબદારીનું કામ છે. આ જોબ આપે ઊભાં રહીને કરવી પડશે. તે પણ દિવસમાં ૨૪ કલાક અને અઠવાડિયાના સાત દિવસ.’

સવાલ, ‘ (આશ્ચર્ય સાથે) વચ્ચે બેસવાનું કે આરામ કરવાનું મળશે ને?’

જવાબ, ‘કોઈ આરામ નહીં મળે ઉપરાંત ક્યારેક તમારી આસપાસના કોઈને જરૂર પડે તો રાત્રે (આખી રાત માટે) તેને એટેન્ડ કરવા પડશે. આ સાથે તમને દવાઓ અને ફાઈનાન્સનું જ્ઞાન પણ હોવું જરૂરી છે. ઉપરાંત રસોઈ કરતાં પણ આવડવું જોઈએ. તમારે આખું વર્ષ કામ કરવું પડશે. કોઈ રજાનું પ્રાવધાન નથી. આ ઉપરાંત દિવાળી, હોળી, ક્રિસમસ કે અન્ય તહેવારોએ કદાચ વર્કલોડ ડબલ થઈ શકે છે.’

સવાલ, ‘આ તો અમાનવીય છે, પગાર કેટલો મળશે?’

જવાબ, ‘પગાર કોઈ નહીં મળે આ ફ્રી સર્વિસ છે.’

સવાલ, ‘આટલું કામ, વગર પગારે કોણ બેવકૂફ કરે છે આજના સમયમાં?’

જવાબ, ‘જો હું તમને કહું કે દુનિયામાં કરોડો એવાં લોકો છે જે આ પ્રકારનું વગર પગારે કામ કરે છે તો?’

સવાલ, ‘કોણ છે એ લોકો?’

જવાબ, ‘મમ્મી, દુનિયાની બધી માતાઓ વગર પગારે, ૨૪/૭ થાક્યા વગર મોં પર સ્માઈલ સાથે કામ કરે છે, તમારા માટે, મારા માટે અને પોતાના સંતાનો માટે તેઓ કોઈ પૈસાની કે અનેક વસ્તુની ડિમાંડ પણ નથી કરતી!!!’

ખબર પડીને હું કોની વાત કરું છુ? હા, દરેક મમ્મીઓને કહું છું, રજાના દિવસે, લોકડાઉનના દિવસોમાં તમારી પાસે તો બમણું નહીં પરંતુ ચાર ગણું કામ હશે પરંતુ તમારા ચહેરાની એ રેખાઓ ક્યાંય બદલાઈ નહીં હોય, ખરું ને!

દરેક ગૃહિણી હોમમેકર છે હોમ સર્વંટ નથી

પરંતુ અર્થવ્યવસ્થામાં આ ગૃહિણીઓનું ચોક્કસ યોગદાન રહે છે જે કોઈ જોતું નથી.

આમ તો આપ સૌ જાણો છો કે હું મહિલાઓ માટે વધુ



લખું છું પરંતુ આજે હું એ પુરુષો માટે, એ સંતાનો માટે લખવા માગું છું જેઓને આ મિસ્ટર ઈન્ડિયા, ના ના, મિસ ઈન્ડિયાના કાર્યને ક્યાંક રજિસ્ટર કરો, તેને અપનાવો, તેને રિસ્પેક્ટ આપો અને સૌથી વધુ તો તમે તેમને સાથ આપો, તેમના કામમાં સહયોગ આપો, હસતાં રમતાં ક્યાં કામ પૂરું થઈ જશે ખબર પણ નહીં પડે અને તેને પણ થશે કે તે પણ એક 'ડિગ્નિફાઈડ હાઉસ મેકર' છે.

## કેવી હોય છે ગૃહિણી

જ્યારે કોઈ ગૃહિણીની કલ્પના કરીએ ત્યારે એવી છબી આંખ સામે આવે કે તેના એકથી વધુ હાથ હોય, દરેક હાથ કોઈને કોઈ કામ કરતો હોય, કોઈ ઘરેલુ સફાઈનું કામ કરે તો કોઈ રસોઈ બનાવે, કોઈ બાળકોને તૈયાર કરે તો કોઈ વડીલોને દવા પીવડાવતો હોય, એક હાથ પતિનું ટિફિન તૈયાર કરે તો એક હાથ પોતાનું ઑફિસનું કામ પણ કરે. આવું યાદ આવે ત્યારે લાગતું હશે કે એક મિનિટ પણ રોકાયા વગર, મગજમાં જ 'ટુ ડુ લિસ્ટ' બનાવી રાખેલું હોય તેમાંથી એક પછી એક કામ હાથમાં લેતી હોય. અને એવામાં જો કોઈ મહેમાન ટપકી પડે અથવા ઘરની કોઈ વ્યક્તિ બીમાર પડી જાય તો તેના હાથની સંખ્યા વધી જાય. આ રીતે કામ કરનાર વ્યક્તિને 'રોબોટ' કહી શકાય ને? જે થાક્યા વગર કામ કર્યા કરે!?

> **મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે, 'કોઈપણ દેશની પ્રગતિ તે દેશના શ્રમિકો અને ખેડૂતો પર નિર્ભર કરે છે. સરકારની ભૂમિકા એ જ હોવી જોઈએ કે આ પ્રકારના આયોજનો કરીને ઉદ્યોગપતિઓ અને શ્રમિકો વચ્ચે સુખદાયક, શાંતિમય અને પારિવારિક સંબંધ સ્થાપિત થાય અને ઝઘડો કે ટકરાવની સ્થિતિ ઉત્પન્ન ન થાય.**

## નારી તારા કેટલાં રૂપ?

ક્યારેક તે ઘરની દીકરી બનીને ઘરને શણગારે છે તો ક્યારેક માતા બનીને બાળકોની જિંદગી સંવારે છે. જરૂર પડે તો આર્થિક સહાયતા કરવા તત્પર રહે છે અને પુરુષોની સમોવડી થઈને સાથ આપવામાં પાછી પાની નથી કરતી. હૃદયમાં મમતા અને કરુણાનો ભાવ લઈને સુંદર રીતે પોતાની જવાબદારીઓ પોતાના મજબૂત ખભા પર લઈ લે છે. તે પરિવારની ધૂરી બનીને ખડે પગે ઊભી રહે છે.

## પોતાની ચિંતા નહીં

સામાન્ય રીતે ભારતીય ગૃહિણીઓનું અસ્તિત્વ મોટા ભાગે ઘરની જરૂરિયાતો પૂરી કરવા માટે જ હોય છે. સવારે જાગે ત્યારથી રાત્રે સૂતાં સુધી બધાને માટે રસોઈ બનાવવાની, પતિ અને બાળકો તેમજ વડીલોને ગરમ ગરમ રોટલી બનાવીને જમાડે, પરંતુ તે બધાંને જમાડીને જમવા બેસે ત્યારે તેની રોટલી તો ઠંડી પડી ગઈ હોય. એટલે સુધી કે જરૂરિયાત પડે ત્યારે તેના બચાવેલા રૂપિયા પણ ખર્ચ કરી નાખે, કારણ કે તેને કોઈ પગાર તો મળતો નથી હોતો!

## ગૃહિણીના ઘરેલુ કામકાજ પર સર્વે

વિશ્વભરમાં મહિલાઓ ૭૦૦ લાખ કરોડ રૂપિયાનું એવું કામ કરે છે જેના બદલામાં તેમને મહેનતાણું મળતું નથી. ભારત દેશમાં આ આંકડો છ લાખ કરોડ રૂપિયા છે. એક બહુ રસપ્રદ કિસ્સો છે. મદ્રાસ હાઈકોર્ટે ગૃહિણી માત્ર ઘરનું કાર્ય કરે છે તે પર એક ટિપ્પણી આપી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે જે કોઈ સ્ત્રી કોઈપણ પ્રકારની ફી લીધા વગર ઘરની સંભાળ રાખે છે તેને ઘરની નિર્માતા તેમજ વગર આવકની વ્યક્તિ કહેવું યોગ્ય નથી.

પુડુચેરી ઈલેક્ટ્રિસિટી બોર્ડ દ્વારા એક અરજીના સંદર્ભમાં આ કિસ્સો બહાર આવ્યો હતો. તેમાં વાત એમ હતી કે બોર્ડની વીજળીની ચપેટમાં આવતાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. તેના કમ્પનસેશન માટે ચાર લાખ રૂપિયા બોર્ડ પાસેથી માગવામાં આવ્યાં હતાં. બોર્ડે એવું કહીને તેનો અસ્વીકાર કર્યો કે કારણ કે મહિલા એક ગૃહિણી હતી અને તેની કોઈ આવક નહોતી. આ સામે ન્યાયાલયે બોર્ડની યાચિકાનો અસ્વીકાર કરતાં કહ્યું હતું

કે રાંધવું, કપડાં ધોવાં કે સાફ સફાઈ કરવી જેવા દૈનિક કાર્યો તરફ ધ્યાન આપવાની જરૂર છે.

એક રાષ્ટ્રીય સર્વે પ્રમાણે ૪૦ ટકા ગ્રામીણ અને ૬૫ ટકા શહેરી મહિલાઓ પૂર્ણતયા ઘરેલુ કાર્યો કરે છે. તેનાથી પણ આશ્ચર્યજનક વાત એ છે કે ૬૦થી વધુ ઉંમરની ચોથા ભાગની મહિલાઓનો સમય ઘરેલુ કાર્યોમાં જ વીતે છે. પિતૃસત્તાત્મક સમાજમાં આ વાત ખૂબ ઊંડાણથી પેસી ગઈ છે કે સ્ત્રીનો જન્મ સેવા કરવા માટે જ થયો છે. એક વિદેશી અભ્યાસમાં કહેવાયું હતું કે ઉત્તરાખંડની મહિલાઓ કોઈ કામ નથી કરતી પરંતુ જ્યારે વિશ્લેષણ કરવામાં આવ્યું ત્યારે ખબર પડી કે પરિવારના પુરુષો ૮ કલાક કામ કરે છે જ્યારે મહિલાઓ ૧૬ કલાક કામ કરે છે. જો એના આધારે મહેનતાણું આપવાનું થાય તો પુરુષોને ૧૨૮ રૂપિયા અને મહિલાને ૨૨૮ રૂપિયા મળવા જોઈએ.

થોડાં વર્ષો પહેલાં મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે તેની માતાને સૌથી વધુ સેલેરી મળે તેવી હિમાયત તેના એક પ્રશ્નના જવાબમાં કરી હતી. એક વાર એ મુદ્દો ફરીથી ચગ્યો હતો. જોકે, અર્થશાસ્ત્રીઓ માને છે કે ભલે ગૃહિણીના ઘરેલુ કામ કરવાથી તેને વેતન મળતું નથી પરંતુ તેમના દ્વારા કરવામાં આવતા કાર્યોને લીધે આર્થિક પ્રવૃત્તિઓ થાય છે તેથી તેમના કામને રાષ્ટ્રીય આવકમાં સામેલ કરવી જોઈએ. મહિલા અને બાળ વિકાસ મંત્રી કૃષ્ણા તીરથે પણ સૂચન કર્યું હતું કે ઘરની મહિલાઓ દ્વારા કરવામાં આવતી મહેનતનો હિસાબ લેવો જોઈએ અને તેમને તેમના પતિઓ તરફથી પગાર મળવો જોઈએ.

બહેનો, શું હજુ તમને એવું લાગે છે કે તમે કંઈ કરતાં નથી? કદાચ અત્યાર સુધી તમે કંઈ બોલી ન શક્યાં પરંતુ એ પણ સત્ય છે કે આ પ્રકારની સ્થિતિ માટે તમે પોતે જ જવાબદાર છો એવું નથી લાગતું? તો, હવે સમય આવી ગયો છે પોતાની જાતને બદલવાનો.

### ત્યાગની દેવી છો?

સદીઓથી સ્ત્રીઓને બલિદાનની દેવી કહેવામાં આવે છે. અને હવે સ્ત્રીઓ પણ તેનો આનંદ લેવા લાગી છે. પરંતુ બહેનો, હવે જાગો, તમે પણ એક માનવનો અવતાર છો. જેવાં પુરુષો છે તેવી જ મહિલાઓ પણ છે. બંનેને સરખો અધિકાર હોવો જોઈએ. તે જ રીતે ત્યાગ-બલિદાન પણ બન્નેએ એકસરખી રીતે જ કરવાં જોઈએ. આ માટે તમારે તમને પોતાને પ્રેમ કરવાની જરૂર છે. તમારી તરફ જોવાનો નજરિયો બદલવાની જરૂર છે. તમે સુંદર તો છો જ, થોડો સમય કાઢી નિયમિત રીતે



સુંદરતાને જાળવી રાખવા માટેના બધાં પ્રયત્નો કરતાં રહેવું જોઈએ. સ્વાસ્થ્ય સારું રાખવું પણ એટલું જ જરૂરી છે.

જો તમે ઈન્ડિપેન્ડન્ટ છો તો તે લોકોને જણાવો, જો તમે કામકાજી મહિલા હો, ઑફિસમાં જઈને કામ કરતાં હો કે ઘરમાં રહીને કોઈ નાનો ઉદ્યોગ કરતાં હો. તમે તમારા પરિવારને આર્થિક મદદ કરો છો તેથી તમને ઑફિસેથી આવતાં મોડું થયું અથવા તમારા ઘરેલુ બિઝનેસમાં કોઈ ઓર્ડર આવ્યો જેના કારણે તમારે વધુ સમય કામ કરવું પડે તો રાત્રિના ભોજન બનાવવાની ચિંતા કરવાની જરૂર નથી. ઘરમાં અન્ય વ્યક્તિઓ પણ છે. તેઓ ભોજનની અને તમારી પણ ચિંતા કરશે. જો તમે રસોડામાં એકલાં કામ કરતાં હો તો થોડું સ્માર્ટલી અને સ્માઈલ સાથે પરિવારના સભ્યોને એક બે કામ સોંપી દો જેથી તમને તેની મદદ મળી રહે અને બધાંના સહકાર-સહયોગથી સમયસર ભોજન તૈયાર થઈ જાય.

### હોમમેકર છો, હોમ સર્વન્ટ નહીં

ઘેર રહેવું અને આખો દિવસ ઘરના કામમાં લાગ્યા રહેવું તે ખરેખર મુશ્કેલ છે. સતત, પોતાની જવાબદારી અથાક, રજાઓ વગર નિભાવવી એ ખરેખર કંટાળાજનક વાત છે. પણ એ વાતનું દુઃખ ત્યારે થાય જ્યારે પરિવારજનો એવું કહે કે, 'તું આખો દિવસ ઘરમાં જ તો રહે છે, આખો દિવસ શું કર્યા કરે છે?' ઘરમાં શાંતિ જળવાઈ રહે તે માટે થઈને ગૃહિણી સાંભળી લે છે અને સૌને માફ કરી દે છે. સવારથી સાંજ સુધી ઘરના કામોમાં, પરિવારના કામોમાં ખટતા રહેવાનું, મહેણાં-ટોણાં સાંભળવાના, છતાંય ચહેરા પર સ્માઈલ કાયમ રહે તે પણ જોવાનું. તેના બદલામાં તે કોઈ પ્રકારનું વેતન પણ લેતી નથી. એટલું યાદ રાખો તમે 'હોમ મેકર' છો 'હોમ સર્વન્ટ' નહીં.

### પોતાની રિસ્પેક્ટ કરો તો જ અન્ય કરશે

જેઓ પોતાનો આદર કરે છે વિશ્વ તેમનો આદર કરે છે. આ કહેવત યાદ રાખો. આ તમારી પર પણ લાગુ થાય છે. આજે ઘરની સ્થિતિ છે, ઘરમાં શાંતિ છે, પરિવારજનો એકબીજાની રિસ્પેક્ટ કરે છે અને બધાંની જરૂરિયાતો પૂરી થાય છે તેથી તેઓ ખુશ છે તે માત્ર એક કુશળ ગૃહિણીને કારણે જ છે. તમે કામકાજી હો તો પણ ગૃહિણી તો રહેશો જ અને જો તમે કુશળ ગૃહિણી હો તો પરિવારના દરેક સભ્યોની તેમની ક્ષમતા અને શક્તિ પ્રમાણે 'મકાનને ઘર' બનાવવા માટેની ઉપયોગિતા નક્કી કરી તેમને યોગ્ય કામ સોંપી દો. બધાં મળી હસતાં હસતાં કામ કરશે તો જે કામ માટે તમારે કલાક-બે કલાક લાગતાં હોય તો તે કામ અડધો કલાકમાં પતી જશે.

### એડજેસ્ટ કોણ કરે?

જ્યારે એડજેસ્ટ કરવાની વાત આવે તો તેમાં સૌથી પ્રથમ નામ મહિલાનું જ આવશે. જો તમે કામકાજી છો અને તમારી ઑફિસમાં આજે કોઈ મિટિંગ કે પાર્ટી છે. બીજી તરફ તમારા કોઈ સંતાનની તબિયત ખરાબ છે. તો તમારે એ મિટિંગ કે પાર્ટી છોડીને તેને એટેન્ડ કરવાની જરૂર નથી. તમારા પરિવારમાં તમારા વડીલો હશે. તમારા પતિ હશે કે પછી સંતાનના બીજા ભાઈ બહેન હશે. તેમાંના દરેકની ફરજ છે કે તમારી ગેરહાજરીમાં તે બીમાર વ્યક્તિની પૂરી કાળજી લે.

પુરુષ-મહિલા, પતિ-પત્ની કે પછી પરિવારની અન્ય વ્યક્તિઓ સાથે મળીને કામ કરશો તો ઘરનું કામ જલ્દી પૂરું થશે. તે સાથે બધાંને એકબીજાનો સાથ મળશે. ઉપરાંત એકબીજાને સમજવાનો ચાન્સ મળશે. જો ઘરમાં દીકરો અને દીકરી હશે તો તેમને પણ રસોડાનું કામકાજ આવડશે જેથી ભવિષ્યમાં તેમણે હોસ્ટેલમાં કે વિદેશમાં ક્યાંક એકલાં રહેવાનો વારો આવે તો કોઈ તકલીફ નહીં પડે.

અંતમાં એટલું જ કે અન્નપૂર્ણાના શ્રમને ગંભીરતાથી લેવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસના અવસરે દરેકને તેના શ્રમ માટે મહેનતાણું મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવાય તો સામાજિક સંતુલન સારું બેસશે.

**સરદારધામ મેગેઝિનના વાચકો જોગ**

સરદારધામ ઈ મેગેઝિનના વાચકોએ
મેગેઝિન અંગેના પોતાના પ્રતિભાવો
magazine.sardardham@gmail.com
ઉપર મોકલવા વિનંતી.

# બે દ્રષ્ટિબિંદુ પાશ્ચાત્ય અને પૌર્વાત્ય

એશિયાનો ધોષધર્મનો ઘોષ છે. યુરોપનો અવાજ રાજનીતિનો અવાજ છે. પોતપોતાના ક્ષેત્રમાં દરેક મહાન છે. યુરોપનો સાદ તે પુરાણના યુનાનનો જ સાદ છે. યુનાનીઓને મન પોતાની દ્રષ્ટિ સમક્ષનો સમાજ એ જ સર્વ કાંઈ હતું. તેની બહારનું જગત જંગલી અણઘડ હતું - યુનાનીઓ સિવાય બીજા કોઈને જીવવાનો અધિકાર જ નહોતો. યુનાનીઓ જે કાંઈ કરે તે સાચું , તે સિવાયનું જગતમાં જે કાંઈ હોય તે બધું જ ખોટું, અને એ કારણે એને ટકવાનો પણ અધિકાર નહિ. એ ઉત્કટ સહાનુભૂતિ માનવસહજ છે, ખૂબ જ સ્વાભાવિક છે, ખૂબ જ કળામય છે. યુનાનવાસી આ જગતમાં જ વસતો, એને સ્વપ્નોની કશી પરવા નહોતી. એની કવિતા પણ વ્યવહારુ હતી. એનાં દેવદેવીઓ પણ આપણાં બધાના હદયમાં જે આશા, આકાંક્ષા, વાસના ધબકે છે તેનાથી જ ધબકનારા માનવો જેવા જ જાણે હતા. જે કાંઈ સુંદર હોય તેને માટે એનામાં અનુરાગ હતો, પણ એ સુંદરતા બાહ્ય પ્રકૃતિમાં જ હંમેશાં પરિચિત થઈને રહેતી એટલું ધ્યાનમાં રાખજો. ગિરિશિખરોનું હિમનું , પુષ્પનું રેખાઓનું અને આકારનું, માનવમુખાકૃતિનું કે માનવદેહનું સૌન્દર્ય જ યુનાનવાસીને ગમતું. અને યુનાનવાસીઓ જ એમના પછીની યુરોપવાસી પ્રજાના ગુરુ હોવાથી યુરોપનો અવાજ એ યુનાનનો જ અવાજ.

આથી ભિન્ન પ્રકારની પ્રજા એશિયામાં છે. પૂર્વનો



સ્વામી વિવેકાનંદ

સુંદર ને ભવ્ય માટેનો અનુરાગ બીજી દિશામાં જ વિકસતો ગયો. એણે દ્રષ્ટિને અંદર વાળી ; બહાર ભટકવા ન દીધી. પ્રકૃતિની ઝંખના પણ એનામાં છે. એ ભાવનાઓ તો યુનાનવાસીમાં અને રખડું જંગલી પ્રજામાં પણ હતી; અહીં એ વિશાળ વર્તુળમાં વિસ્તરી ગઈ. એશિયામાં આજે પણ જન્મ , રંગ કે ભાષાથી જાતિનું નિર્માણ નથી થતું. ધર્મથી જ જાતિનું નિર્માણ થાય છે. બૌદ્ધધર્મી ચીનનો હોય કે, ઈરાનનો હોય છતાં બંને ભાઈઓ છે એમજ તેઓ મને છે, કારણ કે બંનેનો ધર્મ એક જ છે. ધર્મ જ માનવતાને એકસૂત્રે ગૂંથે છે. અને આ જ કારણથી પૂર્વવાસી દૃષ્ટા છે, જન્મથી જ સ્વપ્નસેવી છે, જલપ્રપાતના તરંગો, પંખીઓનું કુંજન સૂર્યચંદ્ર અને ગ્રહનક્ષત્રોનું સૌંદર્ય મધુર તો છે જ, પણ એમાં પૂર્વેનું માનસ સંતોષ માની લેતું નથી એનાથી પણ જે આગળ છે તેનું સ્વપ્ન સેવે છે. વર્તમાનને વટાવીને આગળ જવા ઝંખે છે. વર્તમાન તો એને મન જાણે શૂન્યવત્ છે.

કેટલાય યુગોથી માનવજાતિ પૂર્વને પારણે ઝૂલી છે. પૂર્વમાં જ એના ભાગ્યના અનેક પલટાઓ થયા છે. સામ્રાજ્ય, પછી સામ્રાજ્ય, એક હકૂમત પછી બીજી હકૂમત, માનવીનાં શક્તિ, ઐશ્વર્ય અને સંપત્તિ - આ બધું એ તરફ જ વહેતું ગયું છે ને એથી જ પૂર્વ શક્તિ અને વિદ્યાનું પરમધામ. પૂર્વનું માનસ ઐહિક વસ્તુ પ્રત્યે તિરસ્કારની દષ્ટિએ જોઇને, સ્વાભાવિક રીતે જ જો અપરિવર્તનશીલ અમર અને આ જગતનાં સર્વ દુઃખદૈન્ય અને મૃત્યુ વચ્ચે અનંત, કલ્યાણમય અને અક્ષર એવા તત્ત્વને ઝંખતું હોય, તો આશ્ચર્ય પામવા જેવું કશું નથી. પૂર્વનો અવતારી પુરુષ આ આદર્શો પર ભાર મુકતા કંટાળતો નથી; ને પયગમ્બરોની બાબતમાં પણ તમે જોશો કે એકાદ અપવાદ સિવાય બધા જ પયગમ્બરો પૂર્વમાંથી આવ્યા છે.

જેની આંખો ભૌતિક વસ્તુઓનાં ઐશ્વર્યથી ઝંખવાઈ ગઈ છે,ખાવુંપીવું ને મોજ કરવી એ જ જેનાં જીવનનું પ્રધાન કર્તવ્ય છે, જે ભૂમિ અને સુવર્ણને જ ઇષ્ટ પ્રાપ્તવ્ય લેખતો હોય છે, ઇન્દ્રિયજન્ય પ્રમોદ એ જ જેને મન આનંદનો આદર્શ છે, પૈસો જ એ જ જેનો પરમેશ્વર છે, એશઆરામથી જીવી જવું ને મરવું એમાં જ જે કર્તવ્યની ઇતિ જુએ છે,અને પોતે જ ઈન્દ્રિયગોચર વિશ્વમાં રહે છે તેનાથી પર રહેલાં કશાનો જે જરા સરખો પણ વિચાર કરતો નથી, એવો કોઈ જો ભારતમાં જાય તો તેને શું દેખાય? —દારિદ્રય, યાતના, વહેમ, અંધકાર, ને બીભત્સતા.એનું કારણ શું? એનું કારણ એટલું જ કે સંસ્કારિતા એટલે એને મન સુઘડ પોષાક, શિક્ષણ અને સામાજિક શિષ્ટાચાર. પાશ્ચાત્ય પ્રજાએ પોતાની ભૌતિક સમૃદ્ધિ વધારવાના પ્રયત્નો કરવામાં કશું બાકી રાખ્યું નથી. ત્યારે ભારતવર્ષે આથી જુદું જ કર્યું છે.

માનવજાતિનો ઇતિહાસ ઉકેલો ; જેને બીજા પર





આક્રમણ કરવાને પોતાની સરહદ કદી ન ઓળંગી હોય, જે બીજાનું હોય તે તરફ જેણે કદી લોલુપ દ્રષ્ટિથી જોયું ન હોય, એવી એક જ જાતિ જગતમાં છે. એમનો જો કોઈ દોષ હોય તો તે એટલો જ કે એમના દેશની ભૂમિ રસાળ અને ફળદ્રુપ હતી, પોતાનો પરસેવો કાઢીને મહાકષ્ટે એમણે ધનસંચય કર્યો હતો અને એ રીતે બીજી જાતિઓને એને વણસાડી મૂકવા આકર્ષ્યા હતા. એ બધાનું સત્યનાશ વળી જાય, એ લોકોને જંગલીને નામે ઓળખાય, તો તેની એમને કશી પડી નથી. એના બદલામાં પણ તેઓ તો જગતને પરમ તત્ત્વની ઝાંખી કરાવવા મથશે, માનવસ્વભાવનાં રહસ્યો પ્રકટ કરવા પ્રયત્ન કરશે, ને સાચા માનવને ઢાંકનારા આવરણને ભેદી નાંખવા ઝુઝશે, કારણકે તેઓ સમજે છે કે આ ભૌતિક આવરણની નીચે માણસનો સાચો દૈવી સ્વભાવ છુપાયેલો છે; એને કોઈ પાપ કલુષિત કરી શકે એમ નથી, કોઈ વાસના એના પર કાળા ડાઘ પડી શકે એમ નથી; અગ્નિ એને બાળી શકતો નથી, પાણી એને ભીંજવી શકે એમ નથી, મૃત્યુ એને મારી શકે એમ નથી; અને માણસનું આ સાચું સ્વરૂપ. આ સંસારની કોઈપણ નક્કર ભૌતિક વસ્તુ પશ્ચિમવાસીને મન જેટલી સાચી લાગે છે તેટલું જ એને મન સાચું છે.

આ દેશમાં જો કોઈ મનુષ્યને એવી પ્રતીતિ થાય કે આ જગત તો કેવળ ભ્રાન્તિમય છે, આ સંસાર સ્વપ્નવત્ જ છે, તો એ પોતાની ધનસંપત્તિ,વસ્ત્રભૂષા બધું જ ફગાવી દઈને પોતે જે માને છે તે સાચું છે એ પૂરવાર કરી દે છે. જીવન અનંત છે એવું જાણ્યા પછી દેહને તૃણવત્ લેખીને હસતે મુખે સરળતાથી ત્યજી દેનારા માણસો તમને ભારતના નદીકાંઠે જ જોવા મળશે. મૃત્યુને તેઓ ભાઈની જેમ સ્નેહથી ભેટે છે, એમાં જ તેમની વીરતા રહી છે; કારણ કે તેમને તો પ્રતીતિ થઇ ચૂકી હોય છે કે એમને માટે મૃત્યુ છે જ નહિ. પરદેશીઓના આક્રમણો , ને હજારો વર્ષોના દમનને સહી લઈને પણ તેઓ અપરાજિત રહ્યા છે તે આ શક્તિને જ પ્રતાપે. એ પ્રજા પણ જીવંત છે, ને દારુણ યાતનાના દિવસોમાં પણ અધ્યાત્મિક વિભૂતિઓને પ્રકટતી જ રહી છે. જેમ પશ્ચિમે રાજનીતિના ચાણકયો અને વિજ્ઞાનશાસ્ત્રીઓને જન્મ આપ્યો તેમ એશિયાએ આધ્યાત્મિક વિભૂતિઓને જન્મ આપ્યો.

તમે પાશ્ચાત્ય લોકો તમને સહજ એવી લશ્કરી


બાબતો, રાજકીય મંડળોની વ્યવસ્થા અને એવી બધી વસ્તુમાં કુશળ છો. પૌર્વાત્ય લોકો કદાચ આ બધા કામોમાં એ રીતે કુશળ નથી. પણ એમની કુશળતા બીજા ક્ષેત્રમાં છેઃ તેઓ ધર્મના આચરણમાં કુશળ છે. જેમ તોપના મોઢામાં હર્ષનાદ કરીને કૂદી પડવા જેટલી બહાદુરી તમારામાં છે, જેમ રાષ્ટ્રપ્રેમનું નામ દેતાં તમે વીર બનીને ખડા થઇ જઈ સ્વદેશ માટે પ્રાણ પાથરી દઈ શકો છો, તેમ હિંદુઓ ઈશ્વર માટે ગમે તેવું શૂરાતન બતાવી શકે છે. જો કોઈ તત્વજ્ઞાનનો ઉપદેશ કરતું હશે, તો તેને વ્યવહારમાં પ્રયોજવાને મથનારા અસંખ્ય લોકો તરત મળી આવશે. જો કોઈ એમ કહેતું હોય કે એક પગ પર ઊભા રહેવાથી મુક્તિ મળે છે, તો ઓછામાં ઓછા પાંચસો માણસો એક પગ પર ઊભા રહેવા તૈયાર થઇ જશે. તમે આને હાસ્યાસ્પદ લેખશો ; પણ એટલું ન ભૂલશો કે એની પાછળ તેમનું તત્ત્વજ્ઞાન રહ્યું છે, એને વ્યવહારમાં પ્રયોજવાની શક્તિ રહેલી છે.

પશ્ચિમમાં મોક્ષનો માર્ગ એટલે બુદ્ધિપ્રેરિત જડબાતોડ જીભાજોડી. એનું વ્યવહારમાં કશું પરિણામ આવી શકે નહિ, એને આચરી શકાય જ નહિ. પશ્ચિમમાં તો જે બહુ બોલી શકે તે જ સૌથી સારો ઉપદેશક લેખાય છે. ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિકતા સમજવા પશ્ચિમને ઘણો સમય જોઇશે. તેમને મન તો બધું જ પાઉંડ, શિલિંગ ને પેન્સ જ છે . જો કોઈ ધર્મ એમને ધન, શારીરિક સુખાકારી , સૌન્દર્ય, દીર્ઘાયુષ્ય આપી શકતો હશે, તો એને માટે તેઓ ટોળાં ને ટોળાંમાં ઉમટશે. દૈનિક વ્યવહારુ જીવનમાં એશઆરામ સાચવી રાખવો, એ જેમ પાશ્ચાત્ય લોકોનો આદર્શ છે, તેમ ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિકતા જાળવી રાખવી, ધર્મ એ કેવળ પુષ્પિતા વાણી નથી પણ આ જીવનમાં પ્રયોજી શકાય એવી છે, એમ પુરવાર કરવું એ આપણું ધ્યેય છે.

વિકાસ માટેની પ્રથમ આવશ્યકતા સ્વતંત્રતા છે. તમારા પૂર્વજોએ આત્માને બધી રીતે મુક્ત રાખ્યો હતો. તેથી જ ધર્મ વિકસી શક્યો. શરીરને એમણે દરેક પ્રકારના બંધનમાં જકડ્યું. અને તેથી જ સમાજનો વિકાસ ન થયો. પશ્ચિમમાં એનાથી ઊંધું જ છે – સમાજને બધા જ પ્રકારની સ્વતંત્રતા, ધર્મને કશી જ નહિ. પશ્ચિમના લોકો ઈચ્છે છે કે આધ્યાત્મિકતા દ્વારા સામાજિક શક્તિ પૂર્વના લોકો ઈચ્છે છે.

આપણા દુ:ખોનો સર્વદા નાશ કરી શકે એવી જો કોઈ વસ્તુ હોય તો તે આધ્યાત્મિક જ્ઞાન જ છે. બીજું બધું જ્ઞાન તો અમુક સમય માટે જ સંતોષ આપી શકે છે. આત્મજ્ઞાનથી જ સર્વદુ:ખનો સદાને માટે ક્ષય થાય છે. યંત્રોએ માનવજાતને કદી સુખી કરી નથી અને કદી સુખી કરી શકવાના પણ નથી. જે કોઈ આપણને એવું મનાવવાનો પ્રયત્ન કરતો હોય તે દાવો કરશે કે સુખ યંત્રોમાં જ છે. પણ સુખ તો સદા આપણા મનમાં જ વસ્તુ હોય છે. પોતાના મનનો સ્વામી હોય એવો મનુષ્ય જ સુખી થઇ શકે છે. બીજો કોઈ નહીં..





## સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

## વિશ્વ પાટીદાર સમાજ

## મિશન-૨૦૨૬ અંતર્ગત

# સમસ્ત પાટીદાર સમાજના ભાઈ-બહેનો માટે મહેસૂલી, કાનૂની, સમાજસુરક્ષાને સંલગ્ન પ્રશ્નોના ઉકેલ માટે સરદારધામની આગવી પહેલ (initiative)

**સમસ્ત પાટીદાર સમાજના ખેડૂત મિત્રો, રીઅલ એસ્ટેટ સાથે સંકળાયેલ ડેવલપર્સ, વ્યાપારી/ઔદ્યોગિક મિત્રો તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નો અંગે તમામ ભાઈ-બહેનોને જણાવવાનું કે મહેસૂલી, કાનૂની તેમજ સમાજસુરક્ષાને લગતા પ્રશ્નોના ઉકેલ અને જરૂરી માર્ગદર્શન અર્થે નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરેલ છે, જેમાં નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીઓ, મહેસૂલી વિભાગના અનુભવી નિવૃત્ત અધિકારીઓ, નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારીઓ, પોલીસ વિભાગના નિવૃત્ત અધિકારીઓ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ તેમજ કાયદાના તજજ્ઞોની સેવાઓ દ્વારા પ્રશ્નોના નિરાકરણ માટે સેવા આપવાનો નિર્ધાર કરેલ છે.**

**www.sardardham.org ઉપર ઉપલબ્ધ નિયત અરજી ફોર્મમાં અથવા સાદી અરજીમાં વિગતો દર્શાવી નીચેના સરનામે મોકલી આપવા વિનંતી. આપના પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત ક્ષેત્રની ટીમ સમક્ષ આપને રૂબરૂ બોલાવવામાં આવશે, જેની સૌ સંબંધકર્તાએ નોંધ લેવા વિનંતી.**

**ગગજી સુતરિયા**
પ્રમુખ સેવક

**સી. એલ. મીના IAS (Retd)**
ડાયરેક્ટર, સિવિલ સર્વિસ

**એચ. એસ. પટેલ IAS (Retd)**
સી.ઈ.ઓ.

**ડી. જે. પટેલ IPS (Retd)**
એડવાઈઝર – સમાજ સુરક્ષા

**સરદારધામ**
વૈષ્ણોદેવી સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧
www.sardardham.org • info.sardardham@gmail.com • 91 7575001428



સમસ્ત પાટીદારની એકતાનું ધામ

# સરદારધામ

વિશ્વ પાટીદાર સમાજ

## આપના વિચારો રજૂ કરવાની સુવર્ણ તક

નમસ્કાર અમારા આત્મીય પાટીદાર બંધુ-ભગિનીઓ,

સરદારધામ વિચારયાત્રામાં વધુ ને વધુ લોકો તન-મન-ધનથી જોડાય તેમજ લોકોને તેમના વિચારો રજૂ કરવાની તક મળે તેવા શુભ આશયથી **'સરદારધામ એક વિચાર ઇ-મેગેઝિન'**માં નીચેના વિષયો પર અસરકારક, ઉપયોગી, મુદ્દાસર લેખ મંગાવવાનું મેગેઝિન કમિટી તરફથી નક્કી કરેલ છે. આવેલ લેખમાંથી કમિટી દ્વારા પસંદ કરાયેલ લેખ જે તે વ્યક્તિના નામ અને ફોટા સાથે મેગેઝિનમાં પ્રકાશિત કરવામાં આવશે. લેખ મોકલવાની **છેલ્લી તારીખ દરેક મહિનાની ૨૦ તારીખ** રહેશે. ત્યારબાદ આવેલ લેખ જો પસંદ થશે તો આગામી અંકમાં પ્રકાશિત થશે.

આપનો લેખ magazine.sardardham@gmail.com પર Word ફોર્મેટમાં આપના નામ, નંબર, વિષય અને ફોટા સાથે મેઇલ કરવો.

**લેખ માટેના વિષય નીચે મુજબ રહેશે.**

૧) સ્ત્રીસશક્તિકરણ
૨) બિઝનેસ
૩) મોટીવેશનલ
૪) શિક્ષણ
૫) સરકારની આગામી યોજનાઓ
૬) ફેશન
૭) સક્સેસ સ્ટોરીઝ
૮) ભાવિ પડકારો
૯) તંદુરસ્તી
૧૦) પ્રવાસ
૧૧) પ્રશ્નોત્તરી - કાનુન / મહેસુલ / સમાજ / ખેતી / જનરલ
૧૨) પ્રાકૃતિક ખેતી (ઓર્ગેનિક ખેતી)
૧૩) સ્પોર્ટ્સ




**મેગેઝિનમાં લેખ માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭/ ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

## સરદારધામ ભવનના ગૌરવવંતા ભામાશાશ્રીઓ



શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકિયા
શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ, સુરત
સ્થાપક ટ્રસ્ટીશ્રી

**મેઘમણી પરિવાર**
(મેઘમણી ગ્રૂપ)
અમદાવાદ



શ્રી લવજીભાઈ ડી. ડાલિયા
(બાદશાહ) GOPIN , સુરત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



સ્વ. શ્રી પોપટભાઇ એન. ડુંગરાણી
જયફન પાર્ક પ્રા. લિ., સુરત



CA વી.વી. પટેલ
યુ. આર. એનર્જી
અમદાવાદ



શ્રી જશવંત એ. પટેલ
શ્યામલ ડેવલપર્સ-અમદાવાદ
સિવિલ સર્વિસ સેન્ટરના નામકરણના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી

## સરદારધામના ગૌરવવંતા દાતાશ્રીઓ



શ્રી રણછોડભાઈ જોઈતારામ પટેલ
રણજીત બિલ્ડકોન લિ. પરિવાર
(સરદાર સાહેબની પ્રતિમાના દાતાશ્રી)
અમદાવાદ
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી પારુલભાઈ એલ. કાકડિયા
નિશાંત એન્ટરપ્રાઈઝ પ્રા.લી., વડોદરા
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી રમેશભાઈ એ. પટેલ
રમેશ પટેલ બિલ્ડર્સ પ્રા. લી., વડોદરા
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી વિપુલભાઈ વી. ગજેરા
નીલ પીગમેન્ટ પ્રા.લી., અંકલેશ્વર
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી દુષ્યંતભાઈ આર. પટેલ
એસ્ટ્રલ સ્ટેરીટેક પ્રા. લિ. વડોદરા
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી પ્રભુલાલભાઈ એમ. ધોળુ
પી.સી. પટેલ ઈન્ફ્રા પ્રા. લી.
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી રમેશભાઈ કે. બલર
ઍરોસ્પેસ એન્જિનિયર
યુ.એસ.એ.
ભૂમિદાતાશ્રી મધ્ય ગુજરાત
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી મફતલાલ વી. પટેલ
પટેલ બ્રધર્સ, યુ.એસ.એ.
ઓડિટોરિયમ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી લાલજીભાઈ ટી. પટેલ
ધર્મનંદન ડાયમંડ, સુરત
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



શ્રી કાંતિભાઈ વી. ઉકાણી
ભૂમિ ડેવલોપર્સ, અમદાવાદ
ડાઈનિંગ હોલના દાતાશ્રી
સ્થાપક ટ્રસ્ટીશ્રી



ડૉ. ચિતરંજનભાઈ એ. પટેલ
યુ.એસ.એ.
ઈ-લાઈબ્રેરીના દાતા



શ્રી માધવજીભાઈ ડી. માંગુકિયા
લેન્ડ માર્ક , સુરત
કન્યા છાત્રાલય વિંગના દાતાશ્રી




શ્રી દર્શનભાઈ એન. પટેલ
વિની કોસ્મેટીક્સ પ્રા. લી.
અમદાવાદ
મલ્ટીપર્પઝ હોલના દાતાશ્રી

# સરદારધામના ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ


શ્રી સુનિલભાઈ ડી. પટેલ
ભંડેરી ગ્રૂપ
અમદાવાદ


શ્રી પ્રતાપભાઈ બી. પટેલ
હરસિધ્ધિ કન્સ્ટ્રક્શન કંપની
મુંબઈ


શ્રી શાંતિલાલ એસ. ધાનાણી
ડી. ડી. રિયાલીટી
વડોદરા


શ્રી બળદેવભાઈ એમ. પટેલ
અવિરત ગ્રૂપ
અમદાવાદ


શ્રી બિપીનભાઈ બી. વેકરિયા
ઇન્ડિયન કન્ટ્રક્શન કંપની
અમદાવાદ


શ્રી મનોજભાઈ ટી. ડોબરિયા
ગોપાલચરણ ગ્રુપ
અમદાવાદ


શ્રી મહેન્દ્રભાઈ એલ. પટેલ
ઓરબીસ એલીવેટર
અમદાવાદ


શ્રીમતી આશાબેન વી. પટેલ
વી. વી. પટેલ એન્ડ કં.
અમદાવાદ


શ્રી રાજીવકુમાર કાંતિલાલ પટેલ
અમરનાથ ગ્રૂપ
અમદાવાદ


શ્રી હરીભાઈ બી. ઉકાણી
વાસુ હેલ્થકેર
વડોદરા


શ્રી સુરેશભાઈ એમ. ભીંગરાડિયા
રામદેવ કેમીકલ્સ ઇન્ડસ્ટ્રીઝ
અંકલેશ્વર


શ્રી મહેન્દ્રભાઈ જે. વડોદરિયા
મહાવીર ડેવલપર્સ
અમદાવાદ


શ્રી કરમશીભાઈ ડી. પીઢડિયા
સિદ્ધાર્થ ઇન્ટરકેમ પ્રા.લિ.
અંકલેશ્વર


શ્રીમતી હંસાબેન કે. પીઢડિયા
સિદ્ધાર્થ ઇન્ટરકેમ પ્રા.લિ.
અંકલેશ્વર


શ્રી અજીતભાઈ ટી. પટેલ
અપોલો ગ્રૂપ
મહેસાણા


શ્રી રીપલભાઈ એન. પટેલ
પેરાગોન ઓર્ગેનિક્સ
વડોદરા


શ્રી મફતભાઈ બી. પટેલ
રાજકમલ ગ્રૂપ
અમદાવાદ


શ્રી જગદીશભાઈ બી. પટેલ
યુનિવર્સલ મેડીકેપ લી.
વડોદરા


શ્રી મનસુખભાઈ ડી. ઝાલાવાડિયા
યુનિટી કોર્પોરેશન
રાજકોટ


શ્રી પોપટભાઈ આર. ભાલાળા
જય શ્રી રામ એલ.એલ.પી.
યુ. એસ. એ.


શ્રીમતી ઉર્મિલાબેન પી. ભાલાળા
યુ.એસ.એ.


શ્રી ભરતભાઈ બી. વઘાસિયા
કો. સેક્રેટરી સૌરાષ્ટ્ર લે. પટેલ
અમદાવાદ


શ્રી દિનેશભાઈ બી. શ્યાણી
અવધેશ રિઅલ એસ્ટેટ ડેવલપર્સ
અમદાવાદ


શ્રી અરવિંદભાઈ કે. પટેલ
અનમોલ ઈન્ફ્રાબિલ્ડ એલએલપી
(અમરનાથ ગ્રૂપ) અમદાવાદ


શ્રી ભીખુભાઈ જે. ગધેથરિયા
મારૂતિ સ્ટોન ક્રશર કંપની
અંકલેશ્વર


શ્રી પ્રણયભાઈ અમીન
યુ. એસ. એ.


શ્રી ભરતભાઈ વી. ડોબરિયા
યુ. એસ. એ.


શ્રી કમલેશભાઈ પી. સાવલિયા
શાલિગ્રામ ગ્રૂપ
અમદાવાદ


શ્રી જયેશભાઈ પી. પટેલ
અગ્રણી બિલ્ડર
અંકલેશ્વર


શ્રી કાંતિભાઈ વી. ભુવા
ડિમ્પલ પોલીમર્સ
વલ્લભવિદ્યાનગર


ડૉ. આર. જી. પટેલ
સન ફ્લાવર હોસ્પિટલ
અમદાવાદ


શ્રી શૈલેષભાઈ એમ. પટેલ (ચત્રભુજ)
ભુદરદાસ સેવાનિધિ ચેરિટેબલ
ટ્રસ્ટ, અમદાવાદ


શ્રી જયેશભાઈ સી. પટેલ
વિમલ ગ્રૂપ
અમદાવાદ


CA શ્રી બી. કે. પટેલ
બી. કે. પટેલ એન્ડ કં.
અમદાવાદ


શ્રી માવજીભાઈ પી. લુણાગરિયા
શારદા ઈન્ફ્રા
અમદાવાદ


શ્રી પંકજભાઈ એમ. ઉકાણી
એમટેક્ષ ડાય-કેમ
અમદાવાદ

## સરદારધામના ગૌરવવંતા ટ્રસ્ટીશ્રીઓ



શ્રી કલ્પેશભાઈ કોઠિયા
REINE LIFESCIENCE
અંકલેશ્વર




શ્રી સુરેશભાઈ એમ. પટેલ
સુફાર્મા કેમ
અંકલેશ્વર



શ્રી રામજીભાઈ એમ. માંગુકિયા
એગ્રીલેન્ડ બાયોટેક લિ.
વડોદરા



શ્રી રવિન્દ્રભાઈ એસ. પટેલ
શ્રી ગાયત્રી એન્ટરપ્રાઈઝ
વડોદરા



શ્રી વિનુભાઈ પી. પડશાળા
હિરામણી બિલ્ડકોન
અમદાવાદ



શ્રી ગોપાલભાઈ એમ. પટેલ
શાલીગ્રામ ગૃપ
અમદાવાદ



શ્રી કરસનભાઈ ડી. પટેલ
ડીરેક્ટર-વિનાયક TMT બાર્સ પ્રા.લિ.
દહેગામ



શ્રી જશવંતભાઈ પટેલ
ડીરેક્ટર-બાથવેલ ઈમ્પેક્ષ પ્રા.લિ.
અમદાવાદ



Reg. Under RNI No.-GUJGUJ/2015/69143. Registered under postal Reg. No.-AHD-C/70/2021-23 valid upto 31st Dec.-2023
issued by the SSPOs Ahmedabad city Division Published on 1st Date of every month and
posted at Ahmedabad PSO on 2nd date of every month

## સરદારધામ અમદાવાદ - ૨૦૨૧



## આપણાં સૌનું સહિયારૂં લક્ષ્ય સરદારધામ મધ્ય ગુજરાત (વડોદરા) - ૨૦૨૨



**JOIN US ON SOCIAL MEDIA PLATFORM**

SardardhamOfficial | SardardhamOfficial | sardardham_official | +91 7575001428 | sardardham_ | SardardhamOfficialGroup

| સરદારધામ મધ્યસ્થ કાર્યાલય | સરદારધામ મધ્ય ગુજરાત કાર્યાલય |
|---|---|
| સરદારધામ , વૈષ્ણોદેવી સર્કલ , એસ.પી.રીંગ રોડ , અમદાવાદ-૩૮૨૪૨૧<br>Mo – 7575001548 / 1596 / 1438<br>Email - info.sardardham@gmail.com \| hostel@sardardham.org | સરદારધામ મધ્ય ગુજરાત, એલ એન્ડ ટી નોલેજ સિટીની બાજુમાં,<br>વાઘોડિયા ક્રોસિંગ પાસે, નેશનલ હાઈવે-8A, વડોદરા - ૩૯૦૦૨૦<br>Mo – 7575033001<br>Email - sardardham.baroda@gmail.com |

| સરદારધામ દક્ષિણ ગુજરાત કાર્યાલય | સરદારધામ સૌરાષ્ટ્ર કાર્યાલય | સરદારધામ ઉત્તર ગુજરાત કાર્યાલય |
|---|---|---|
| સરદારધામ દક્ષિણ ગુજરાત, ૪થો માળ , પ્રભુ પ્રસાદ,<br>ન્યૂ SRK હાઉસ ની નજીક, હિન્દૂ મિલન મંદિર ની સામે,<br>કાસાનગર ત્રણ રસ્તા, કાસા નગર, કતારગામ-૩૯૫૦૦૪<br>Mo- 7575007186 • Email - sardardhamsurat@gmail.com | સરદારધામ સૌરાષ્ટ્ર, મારવાડી સ્ટોક એક્ષ્ચેન્જ સામે,<br>ટ્રીનીટી હોસ્પિટલની બાજુંમાં, નાના મવા મેઈન રોડ,<br>રાજકોટ -૩૬૦૦૦૪ ● Mo – 7575009796<br>Email - sardardham.rajkot2019@gmail.com | સરદારધામ GPBO હોલ, એપોલો આર્કેડ,<br>વિશ્વકર્મા વાડી સામે, મોઢેરા રોડ, મહેસાણા<br>Mo – 7575001774<br>Email - gpbomehsana@gmail.com |
| GPBO અંગે માહિતિ માટે - 7575007183 | યુવા તેજ તેજસ્વિની અંગે માહિતિ માટે - 7575007184 | દિકરી સ્વાવલંબન યોજના અંગે માહિતિ માટે - 7575001428 |

| | | |
|---|---|---|
| સિવિલ સર્વિસ કેન્દ્ર - 7575008386 / 7184<br>Email - csc@sardardham.org | Website – www.sardardham.org | Registration Under FCRA & 80G – Sardardham |

| | |
|---|---|
| PAN - AAPTS3354N | GSTIN : 24AAPTS3354N1ZU |

Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and Printed at Krishna Graphics and Printers, B/4, Anand mangal Complex, Opp. Omkar House Swastik Char Rasta, Navrangpura, Ahmedabad-380009 and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382481 • **EDITOR : GAGJIBHAI G. SUTARIA**